**સુવિચાર**

''તસવીરમાં સૌ સાથે દેખાય, તકલીફમાં સાથે દેખાય તો કામનું.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૧/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ પોષ સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૦૧૯



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## ૩૧ ડિસેમ્બરની રાત્રિએ એક પત્ર લખીને ગાયબ થઈ ગયો

# અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખનો બિલ્ડર પુત્ર વ્યાજખોરથી કંટાળી લાપતા

### જિલ્લા ભાજપનાં ઉપપ્રમુખ સુરેશ પાનસુરીયાનો પુત્ર રવિ ઘણા મહિનાઓથી માનિસક તણાવમાં હતો

### ભાજપ અગ્રણીએ જિલ્લા પોલીસ સમક્ષ પુત્રને શોધી આપવા રજૂઆત કરી

### લાપતા યુવકે પત્રમાં વ્યાજખોર વ્યકિતનાં નામ અને એક વિડીયો બનાવી હકીકત જણાવી

### જિલ્લા પોલીસ દ્વારા લાપતા યુવકને શોધવા માટે ચક્રો ગતિમાન કરાયા

અમરેલી, તા. ૨

અમરેલીજિલ્લાભાજપનાં ઉપપ્રમુખ અને સાવરકુંડલાનાં વતની



સુરેશ પાનસુરીયાનો પુત્ર રવિ ૩૧ ડિસેમ્બરનીરાત્રિએવ્યાજખોરોનીકડક ઉઘરાણી, ધાકધમકીથી કંટાળીને લાપતાથઈજતાંસમગ્રજિલ્લામાંભારે ચકચાર મચી ગઈ છે.

વિગત એવા પ્રકારની છે કે, ભાજપ અગ્રણીનો પુત્ર રવિ વડોદરા ખાતે બિલ્ડિંગનો વ્યવસાય કરે છે અને તેઓ ધંધાર્થે નાણા ધીરધાર પાસેથી અવારનવારમોટીરકમલેતાહોયછેઅને તેઓએ જુદા-જુદા અનેક વ્યકિતઓ પાસેથી મિલ્કત કે ગોલ્ડ મુકીને મોટી રકમ લીધેલ હોય અને તેઓએ અમુક પરત પણ રકમ કરેલ હોય. પરંતુ, ધંધામાં મંદીનાં કારણે સમયસર નાણા ચુકવી ન શકતાં લેણદારો દ્વારા દિવસ-રાતઉઘરાણીકરાતીહોયતેઓ કંટાળી જતાં લાપતા થઈ રહ્યાનું એક પત્રમાંજણાવીનેતેપત્રતેછોડીનેજતો રહ્યા છે.

આ અંગે ભાજપ અગ્રણી સુરેશ પાનસુરીયાએ સ્થાનિક પોલીસ અધિકારીને સમગ્ર વિગતો જણાવીને પોતાના પુત્રને સહી-સલામત પરત લઈ આવવા અનુરોધ કરેલ છે.

તેઓએ મીડિયા સમક્ષ સમગ્રહકીકતજણાવીનેજિલ્લાપોલીસ ઉપરવિશ્વાસવ્યકતકર્યો છે.

### દ્વારકા પંથકનો પરિવાર મુશ્કેલીમાં મુકાયો

## ચલાલા-ખાંભા માર્ગ ઉપર માલધારીની ઊંટ ગાડીનો ઊંટ ભડકતાં એક યુવતીનું મોત

### અન્ય ૨ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થયા

ચલાલા, તા. ૨

ચલાલા-ખાંભા માર્ગઉપર ખારા પાસેદ્વારકાનાં માલધારી પરિવાર ઊંટગાડીમાં પસાર થતાંહોય. તેઅચાનક ઊંટ ભડકાતાં ગાડીમાં સવાર ૧૮ વર્ષની યુવતીનું ગંભીર ઈજા જવાથી મોત નિપજેલ છે. ત્યારે અન્ય ૨ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થતાં સારવારમાં ખસેડાયા.

### લાલ સુકા મરચાની હરરાજીની બોલી રૂા. ૧૦ ચઢાવાથી થશે

## અરે વાહ : અમરેલીનાં માર્કેટયાર્ડમાં ખેત જણસીની હરરાજી રૂપિયા પાંચનાં ચઢાવાથી કરાશે

### ચેરમેન ભાવિન સોજીત્રાનો ખેડૂતોનાં હિતમાં મહત્વનો નિર્ણય



અમરેલી, તા. ૨

અમરેલી માર્કેટયાર્ડમાં વર્ષોથી તમામ જણસીઓની હરરાજીની બોલી રૂા. ૧ નાં ચઢાવાથી બોલવામાં આવતી હતી. પરંતુ, હાલની મોંઘવારી અને ખેડૂતોને પોતાની જણસીનાં ભાવ સારા મળી રહે તે ધ્યાનમાં રાખીને તા. ૧/૧/૨૬ થી મરચા સિવાયની તમામ જણસીઓની હરરાજીની બોલી રૂા. ૫ નાં ચઢાવાથી અને લાલ સુકા મરચાની હરરાજીની બોલી રૂા. ૧૦નાં ચઢાવાથી બોલવાનો માર્કેટયાર્ડનાં ચેરમેન ભાવિનભાઈ સોજીત્રાએ ખેડૂતોનાં હિતમાં નિર્ણય લીધેલ છે.


વીજપડી અમરેલી એકસપ્રેસ
હવેથી વીજપડીમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
દાદુભાઈ પીરભાઈ બેલીમ - Mo. 99094 71137

રાજુલા અમરેલી એકસપ્રેસ
હવેથી રાજુલામાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
ધર્મેશભાઈ રૂપારેલ - Mo. 93161 69495

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦
ડો. કોમલ ઉનડકટ — ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ત્રી રોગ અને વ્યંધત્વના રોગોનાં નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ — તા.૦૩/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૯:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા






स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044







# ગાંધીનાં ગુજરાતમાં ડ્રગ્સનાં દુષણને નેસ્તનાબુદ કરવા એનએસયુઆઈનાં નેતૃત્વમાં

# યુવાનોએ "હું ડ્રગ્સ લઈશ નહી કે લેવા દઈશ નહી" ની લીધી પ્રતિજ્ઞા

૨ જાન્યુઆરીથી ૨૦૦ જેટલા શૈક્ષણિક કેમ્પસ અને ૧ હજાર જેટલી કોલેજમાં સંવાદ સાથે સંકલ્પનો પ્રારંભ

ગુજરાતનાં ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે ડ્રગ્સ વિરૂધ્ધ લડાઈ એ આપણી નૈતિક ફરજ : ડો. ગોહિલ

રાજયમાં બિન સત્તાવાર રીતે ૨૦ લાખ જેટલા યુવાનો ડ્રગ્સ અને દારૂનાં બંધાણી હોવાનું અનુમાન

યુવાનોમાં ભગતસિંહ, ચંદ્રશેખર, સુખદેવ જેવો રાષ્ટ્રભકિતનો નશો હોવો જરૂરી છે



અમદાવાદ, તા. ૨

ગુજરાતમાં ચાલતા ડ્રગ્સ, દારૂનો બેફામ વેપલાને રોકવા અને શાળા, કોલેજનાં કેમ્પસને ડ્રગ્સ મુકત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે એનએસયુઆઈના કેમ્પેઈન લોન્ચિંગ સમારોહમાં ઉપસ્થિત ૧૦૦૦થી વધુ કોલેજના વિદ્યાર્થીઓ અને યુવાઓને આક્રમક શૈલીમાં સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે ગુજરાતમાં બેરોકટોક ડ્રગ્સના કાળા કારોબારના લીધે યુવા પેઢી બરબાદ થઈ રહી છે અનેક પરિવાર પારાવાર મુશ્કેલીઓ–વ્યથા સાથે જીવન જીવી રહ્યા છે. ગામડાઓ અને કોલેજ સુધી ડ્રગ્સ પહોંચ્ચી ગયું છે. ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે. એનએસયુઆઈ પોતાની નૈતીક ફરજ સમજીને આ લડાઈ શરૂ કરી રહી છે. 'ડ્રગ્સ મુકત કેમ્પસ' ના નેજા હેઠળ આ અભિયાન ગુજરાતને બચાવવા માટેનું છે. ડ્રગ્સના અલગ અલગ પ્રકાર છે જે કોલેજ કેમ્પસમાં આસાનીથી મળે છે. ડ્રગ્સ પેડલર છટકબારી શોધીને કોલેજ કેમ્પસમાં પહોંચી રહ્યા છે ૧૭૦૦થી વધારે ડ્રગ્સના કેસ નોંધવામાં આવ્યા જેમાં કન્વિકશન રેશિયો ખૂબ ઓછો છે. સરકાર જનતાને આંકડાની માયાજાળમાં ફસાવવાનું કામ કરી રહી છે. નાના પેડલરોને પકડીને આત્મસંતોષ માની લેવાનું કામ સરકાર કરી રહીછે. પોર્ટના માધ્યમથી આવે છે તો એમની સામે પગલાં લો, એમની આંખમાં આંખ નાખીને બોલવાની હિંમત સરકારમાં નથી. બિનવારસી જથ્થો મળી આવે એવું કેવી રીતે હોય, આ જથ્થો કોનો હતો ? તે સવાલ ગુજરાતનો યુવાન પૂછી રહ્યો છે. સરકાર ઉંડાણપૂર્વક તપાસ કયારે કરશે ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવા માટે અને ગુજરાતને ઊડતા ગુજરાત બનતું અટકાવવા માટે યુવાનો, તેના વાલીઓએ સહિયારો પ્રયાસ કરવો પડશે. ડ્રગ્સ જેવા તુચ્છ નશાથી દૂર રહી સાચા અર્થમાં યુવાનોમાં ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ, ચંદ્રશેખર આઝાદ, અશફાક ઉલ્લાખાન જેવા ક્રાંતિકારીઓ જેમ દેશભકિત અને દેશ સેવા જેવો ઉચ્ચ કોટીનો નશો હોવો જોઈએ. ગુજરાત રાજયમાં બેરોકટોક ચાલતા ડ્રગ્સના કાળા કારોબાર કોની રહેમ નજર નીચે ચાલી રહ્યા છે તે સવાલ યુવાનોને પૂછયો હતો. તેના જવાબમાં એકસુરે યુવાનોએ પ્રદેશના લીલી પેન વાપરતા ૮ પાસ ગૃહ મંત્રીના રાજીનામાંની માંગનો નારો લગાવ્યો હતો.

ગુજરાત એનએસયુઆઈ ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે આ રાજકારણનો વિષય નથી પણ આ મુદ્દાને નાથવા માટે એન.એસ.યુ.આઈ. આગળ આવ્યા છીએ. નવા વર્ષે ગુજરાત એનએસયુઆઈનો સંકલ્પ 'ડ્રગ્સ મુકત કેમ્પસ' થકી ગુજરાત અને કોલેજમાં 'ડ્રગ્સ મુકત કેમ્પસ' અભિયાન ચાલુ કરવામાં આવશે. તમામ કેમ્પસના યુવાનો 'હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં' તેવી પ્રતિજ્ઞા લેશે. વર્ષ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ડ્રગ્સના રવાડે ચઢી રહ્યા છે. ગુજરાતમાં ૨૦ લાખ યુવાનો ડ્રગ્સ–દારૂનાં બંધાણી બન્યા છે જે ખુબ ચિંતાજનક છે. ગુજરાતના યુવાનોને ડ્રગ્સથી દૂર રાખવા માટેનો અમારો પ્રયાસ છે. તા. ૫ થી ૨૦ જાન્યુઆરી સુધીમાં ૧૦૦૦ કોલેજ અને ૨૦૦ શૈક્ષિણક કેમ્પસમાં અમારા વોરિયર ડ્રગ્સથી દૂર રાખવા માટે અવેરનેસ કેમ્પેઈન ચલાવશે. વિદ્યાર્થીઓ સાથે જેણે ચર્ચા કરશે અને અમારો વીડિયો યુવાનો અને માતા પિતા સુધી પહોંચાડીશું.

ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે આયોજિત 'ડ્રગ્સ મુકત કેમ્પસ' કેમ્પઈન લોન્ચ કાર્યક્રમમાં સેવાદળના રાષ્ટ્રીય સંયોજક લાલજીભાઈ દેસાઈ, અમદાવાદ શહેર કોંગ્રેસ અધ્યક્ષ સોનલબેન પટેલ, પ્રદેશ મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશી, પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખ ડો. પ્રવિણસિંહ વણોલ, પૂર્વ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમા, ગુલાબસિંહ રાજપૂત, એસસી સેલના ચેરમન હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડિયા, પૂર્વ એન.એસ.યુ.આઈ. પ્રમુખ મહિપાલસિંહ ગઢવી, આદિત્યસિંહ ગોહિલ, યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ પ્રદીપભાઈ ભરવાડ, શાહનવાઝ શેખ, શેરખાન પઠાણ, અમદાવાદ શહેર એનએસયુઆઈના પ્રમુખ ચિરાગ દરજી, પ્રદેશ એનએસયુઆઈ, યુથ કોંગ્રેસનાં હોદ્દેદાર, પદાધિકારી સહિત સમગ્ર રાજયમાંથી વિવિધ શૈક્ષણીક કેમ્પસના એન્ટી ડ્રગ્સ કેમ્પેઈનના કેમ્પસ કન્વીનરો ઉપસ્થિત રહ્યા હતા. એનએસયુઆઈ દ્વારા 'ડ્રગ્સ મુકત કેમ્પસ' માટેનું કેમ્પેઈન સત્તાવાર રીલીઝ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બેન્ડ સાથે ડોકયુમેન્ટરી અને ડ્રગ્સ અંગેની હકીકતો સાથેનું પીપીટી દર્શાવવામાં આવી હતી. રાષ્ટ્રગાન બાદ સમગ્ર કાર્યક્રમનું સમાપન થયું હતું.

### આર્થિક સંકડામણથી કંટાળીને પગલુ ભર્યુ

## બાબરાનાં જીવાપર ગામનાં ૩૨ વર્ષિય યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

### સારવાર દરમિયાન અંતિમશ્વાસ લીધા

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાના જીવાપર (કરીયાણા) ગામે રહેતા ઉમેશભાઈ મનસુખભાઈ પીપળવા નામનાં ૩૨ વર્ષિય યુવકે પોતાની આર્થિક તકલીફના લીધે કંટાળીજઈ અનેમનમાલાગીઆવતાગત તા. ૨૯નાં સાંજના આશરે છએક વાગ્યે કરીયાણા (જીવાપર) ગામે પોતે પોતાની મેળેકપાસમાંછાંટવાનીઝેરીદવાપીજતા તેમનુંસારવારદરમિયાનમોતનિપજયાનું પોલીસમાંજાહેરથતાંપોલીસેધોરણસર કાર્યવાહીહાથધરેલછે.

### અમારા પિતાને કેમ સાચવો છો તેમ કહી

## ખાંભાનાં ડેડાણ ગામે વૃધ્ધને સાચવવા બાબતે બઘડાટી બોલી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨

ખાંભાતાલુકાનાડેડાણગામે રહેતારાજુભાઈઅબ્દુલભાઈનાગરીયા તથા સતારભાઈ અબ્દુલભાઈ નાગરીયાના પિતા અબ્દુલભાઈ ડેડાણ ગામે સાંકડી શેરી કુંભારવાડામાં રહેતા રજાકભાઈ ભીખાભાઈ નાગરીયા નામનાં ૬૨ વર્ષિય વૃધ્ધના સગા નાના ભાઈ થતા હોય. ત્યારે અબ્દુલભાઈને બંનેઆરોપીદીકરાઓસાચવતાનહોય અને ઘરે આવવા પણ દેતા નહોય. જેથી આરોપીના પિતા તેમના મોટાભાઈ રજાકભાઈ સાથે ચાર દિવસથી રહેતા હોયઅનેતેમનેજમાડતાપણહોયતેમજ સાચવાતા પણ હોય. તે બાબતનું આરોપીઓને સારૂ નહી લાગતા અને તે વાતનું મનદુ:ખ રાખી ગત તા. ૩૧નાં રાત્રીના૯વાગ્યેઆરોપીઓએપોતાના મોટા બાપુજી રજાકભાઈના ઘર પાસે જઈ તેમને મનફાવે તેમ ગાળો આપી તેમના ઘરની ડેલીમાં પાણાનાં ઘા મારી તેમજ ડેલીને ધકકો મારી તેમજ પાઈપના ઘા મારી ડેલી મરડી નાખી નુકસાની કરી તેમજ આરોપીઓએ તેમના મોટા બાપુજી રજાકભાઈને જાનથી મારી નાખવાની તેમજ વાડીએ બધુ સળગાવી દેવાની ધમકી આપી હતી. બાદમાં આરોપીઓએ વાડીના જાપા પાસે જઈ તેમનાં પિતરાઈ ભાઈ મજીદભાઈ તથા અબ્દુલભાઈને ગાળો આપી તથા મજીદભાઈને આ બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની તથા વાડીએ બધુ તોડી નાખવાની ધમકી આપ્યાની રજાકભાઈ ભીખાભાઈ નાગરીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે અટકાયત

## બગસરા : શરીર સબંધી ગુન્હાઓ કરવાની ટેવ ધરાવતાં ઈસમની "પાસા" હેઠળ અટકાયત

### નદીમભાઈ બારેજીયાને સુરત જેલ ખાતે મોકલી દેવાયા



અમરેલી, તા. ૨

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ આવા ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઈન્સ. વી.એમ. કોલાદરાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઈસમ નદીમભાઈ કાદરભાઈ બારેજીયા (ઉ.વ. ૩૦) રહે. બગસરા) નામ વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, અમરેલી પોલીસ અધિક્ષક મારફત અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ તથા બગસરા પોલીસ ટીમ દ્વારા નદીમભાઈ કાદરભાઈ બારેજીયાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### આગામી તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને

## અમરેલી જિલ્લાનાં કોંગ્રેસ અગ્રણી જીતુભાઈ વાળાને મહત્વની જવાબદારી સોંપાઈ

### જુનાગઢ જિલ્લાનાં કોંગ્રેસ પક્ષનાં પ્રભારી બનાવાયા



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં અગ્રણી, ગુજરાત કાઠીક્ષત્રિયસમાજનાં મહામંત્રી અને અડતાળા સ્ટેટ રાજવી જીતેન્દ્રભાઈ વાળાને પ્રદેશ કોંગ્રેસ સમિતિ ધ્વારા મહત્વની જવાબદારી સોંપાવમાં આવી છે.

તેઓને આગામી તાલુકા /જિલ્લા પંચાયત/નગરપાલિકાની ચૂંટણીમાં મેંદરડા, બાંટવા, જુનાગઢ ગ્રામ્ય, માણાવદર, વંથલી વિસ્તારનાં કોંગ્રેસ પક્ષનાં પ્રભારી બનાવાયા છે.

## અમરેલી : હેડ ક્વાર્ટર સબ રજીસ્ટ્રાર એ.યુ.રાઠોડ વયનિવૃત્ત થતા વિદાય



અમરેલી, તા. ૨

અમરેલી હેડ ક્વાર્ટર સબ રજીસ્ટ્રાર એ.યુ. રાઠોડ વયનિવૃત્ત થતા તેમને ભાવસભર વિદાયમાન આપવામાં આવ્યુ હતુ. આ તકે નિવાસી અધિક કલેક્ટર દિલીપસિંહ ગોહિલ અને પ્રાંત અધિકારી મહેશ નાકીયાએ ઉપસ્થિત રહીને રાઠોડની સમર્પણ ભાવ સાથેની સેવાને બિરદાવી હતી સાથે તેમને વય નિવૃત્તિ જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.


સૌમ્ય સ્વભાવ અને સરળ વાણી વર્તન ધરાવતા એ.યુ. રાઠોડે પોતાની સરકારી સેવા દરમિયાન સતત સમર્પણ ભાવ સાથે પોતાની દરેક ફરજો નિભાવી છે. સાચા કર્મનિષ્ઠની એક ઓળખ હોય છે. સાચો કર્મનિષ્ઠ સેવક હંમેશા લોકોના હ્રદયમાં સ્થાન પામે છે. રાઠોડ પણ એક એવા જ સાચા કર્મનિષ્ઠ અધિકારી છે.

એ.યુ. રાઠોડના વિદાયમાન પ્રસંગે જિલ્લાના તમામ સબ રજીસ્ટ્રાર, સ્થાનિક બોન્ડ રાઈટર, રેવન્યુ પ્રેક્ટિસ કરતા એડવોકેટ, પરિવારજનો, મિત્રજનો, સ્નેહીજનોએ ઉપસ્થિત રહીને તમામે રાઠોડને વય નિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લાનાં આયુષ્યમાનનાં દર્દીઓની સારવાર માટે PMJY કાર્ડ એપ્રુવલમાં વિલંબ

### દર્દીઓનાં હિતમાં ઝડપથી એપ્રુવલ કરવા માંગ






અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જીલ્લામાં હાલ આરોગ્ય વિભાગ દ્વારા ચાલતી આયુષ્યમાન ભારત યોજના પી.એમ.જે.વાય.ના જે દર્દીઓ હાલ સારવાર હેઠળ હોય તેઓને ઈમરજન્સી કિસ્સાઓમાં સમય મર્યાદામાં કાર્ડનું એપ્રુવલ ન મળવાના કારણે દર્દીઓ આ યોજનાના લાભથી વંચિત રહે છે, તેમજ આ કાર્ડમાં થતી અન્ય સારવારોમાં પણ ખુબ ધીમી ગતિએ એપ્રુવલ મળવાના કારણે દર્દીઓને મુસીબતનો સામનો કરવો પડે છે અને હેરાન થાય છે આવા દર્દીઓના કેસમાં કાર્ડના પોર્ટલમાં મોટા ભાગે પેન્ડીંગ તેમજ એરરનો પણ ખુબ મોટા પ્રમાણમાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે, આ મુદ્દે હેલ્થ વિભાગ દ્વારા હેલ્પલાઈન નંબર ૦૭૯૬૬૪૪૦૧૦૪ જાહેર કરેલ છે જેમાં ઘણી ફરિયાદો થતી હોય છે પરંતુ નિરાકરણ થતું નથી, આ બાબતે પી.એમ.જે.વાય. કાર્ડનું એપ્રુવલ તાત્કાલિક આવે તે માટે દર્દીઓના હિતાર્થે હકારાત્મક નિરાકરણ લાવવામાં અંતમાં માંગ કરેલ છે.

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...



આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપનાં અમરેલીમાં જ "રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર" આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે જેમાં અત્યાધુનિક સબ્યસાચી બ્લાઉઝ, ટીવી સીરીયલ તેમજ ફિલ્મો જેવા ગુજરાતી, મરાઠી, સાઉથ ઈન્ડિયન, મારવાડી સ્ટાઈલમાં વિવિધ ચણીયા ચોળી ડ્રેસ તેમજ બ્લાઉઝ -વનપીસ તમામ પ્રકારની ચોલી-ગાઉન વિગેરે અત્યાધુનિક ડિઝાઈન-ફેશનને અનુરૂપ ફોટા-વિડિયો ઉપરથી પણ ડિઝાઈનને અનુરૂપ બનાવી આપવામાં આવશે



રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન

વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે,
લાઠી રોડ - અમરેલી

મો.૬૩૫૫૫ ૭૬૯૯૯

## અનેક કેબિનો અને કાચી-પાકી દુકાનોને જેસીબીથી દૂર કરાયા

# વીજપડીમાં નેશનલ હાઈવેમાં નડતરરૂપ દબાણો હટાવાયા

**મહુવા-જેતપુર વચ્ચે નેશનલ હાઈવેનું નિર્માણ કાર્ય શરૂ હોવાથી દબાણ દૂર કરાયુ**

**પ્રશાસને દબાણ હટાવવા નોટિસ પાઠવી છતાં પણ દબાણ દૂર ન થતાં તંત્રએ લાલ આંખ કરી**

**દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થયા**

**સ્થાનિક પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવતા શાંતિપૂર્ણ વાતાવરણમાં દબાણ દૂર કરાયુ**



વીજપડી, તા. ર

સાવરકુંડલાનાં વીજપડી ખાતે નેશનલ હાઈવેમાં નડતરરૂપ કેબિનો, દુકાનો સહિતનાં દબાણને હટાવી દેવામાં આવ્યું છે.

વિગત એવા પ્રકારની છે કે, મહુવા-જેતપુર વચ્ચે નેશનલ હાઈવેનું નિર્માણ કાર્ય શરૂ હોય અને હાઈવે વીજપડી નજીકથી પસાર થતો હોય હયાત માર્ગને પહોળો કરવામાં માર્ગ કાંઠે કરવામાં આવેલ દબાણ નડતરરૂપ હોય જવાબદારી વિભાગે દબાણકર્તાઓને થોડા દિવસો પહેલા સ્વૈચ્છાએ દબાણ દૂર કરવા તાકીદ કરી છતાં પણ દબાણકર્તાઓ દબાણ દૂર ન કરતાં અંતે જુદા-જુદા સરકારી વિભાગે સંકલન કરીને ચાંપતા બંદોબસ્ત વચ્ચે તમામ દબાણોને જેસીબીથી દૂર કરી દેતા ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને તંત્રએ શાંતિપૂર્ણ માહોલમાં દબાણ દૂર કરવાની કામગીરી કરી હતી.

### પુરસ્કાર મેળવવા જરૂરી ડોક્યુમેન્ટ રજુ કરો

# અમરેલી જિલ્લામાં યોજાયેલ ખેલ મહાકુંભનાં ખેલાડીઓને પુરસ્કાર અપાશે

**રોકડ પુરસ્કાર મળેલ ન હોય તે સંપર્ક કરે**

અમરેલી, તા. ર

ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૦૨૫ અંતર્ગત જિલ્લાની તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ ખેલાડીઓને રોકડ પુરસ્કાર ચૂકવવાના થતા હોય આથી બાકી રહેલ જે ખેલાડીઓને રોકડ પુરસ્કાર મળેલ નથી તેમણે પોતાના રજિસ્ટ્રેશનની કે.એમ.કે. રિસીપ્ટ અને બેંક ખાતાની પાસબુક નકલ રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાની બાજુમા, ચિતલ રોડ, અમરેલી ખાતે રૂબરૂ જમા કરાવવાની રહેશે. તા. ૫/૧/૨૦૨૬ સુધીમાં ડોક્યુમેન્ટ જમા કરાવવાના રહેશે. ત્યારબાદ રોકડ પુરસ્કાર અંગેની માહિતી સ્વીકારવામાં આવશે નહીં તેની નોંધ તમામ શાળાના આચાર્યોએ અને ખેલાડીઓએ લેવાની રહેશે. સત્વરે માહિતી મોકલી આપવા માટે અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241





શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363





શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨



લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઈ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઈન્સ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45
















# વિનોબાજીની અહિંસાનો ચમત્કાર – ૬

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

ચંબલધારીમાં બાબાની યાત્રા એક માસ સુધી ચાલી. ગામડે ગામડે બાબાનો સંદેશો ગુંજવા લાગ્યો ભય, ત્યાગો, પીડિતો વીર બનો, બંદુકવાળા બંદુક ત્યાગે, વેરના ત્યાગ કરો, સંપત્તિનો સદ્‌ઉપયોગ કરો. બધાં પરિવારની જેમ રહો. પછી નહિ ડાફ નહિ રહે પોલીસ ભૂખમરો અને ગરીબી પણ ગાયબ થઈ જશે. પછી તો દુઃખ અને ભય પણ નહિ રહે, અંતે વેરનું નામનિશાન નહિ રહે.

ગામોનું વાતાવરણ બદલાઈ ગયું. ગામમાં શાળા કોલેજોમાં, ઓફિસોમાં વસમાં એક જ બાબાનો સંદેશ ગુંજી રહ્યો. નેતાઓ પણ બાબાના સંદેશથી પ્રભાવિતથઈ ગયેલ.



તમામ રાજકીય પક્ષોની એક મીટીંગ બાબા સાથે ગોઠવાઈ. બાબાએ કહ્યું અહી જે કામ થયું છે એમાં ઈશ્વરી સંકેત છે. તમામ પાર્ટીઓ પણ મદદ કરે છે. આવું કામ ત્યારે જ સફળ થાય છે કે બધાના મનમાં ચાહત હોય. તમારી ભાવના જાગૃત થઈ છે તેને ટુકાવી રાખો. પૂર્વગ્રહ છોડી હળીમળી કામ કરો. સાથે સાથે પ્રેમ, સ્નેહ, કરૂણાનો સંદેશ જનન સુધી પહોંચાડે.

પોલીસ, ન્યાયાલયમાં પણ બાબાનાં વ્યાખ્યાનો રાખ્યા. એ લોકો કહેતા બાબા આ તમારો પ્રેમનો સંદેશો અમે કેવી રીતે અમલ કરીએ તમારા અભિયાનમાં અમે કઈ રીતે મદદરૂપ બની શકીએ. અમારૂ માર્ગદર્શન કરો.

એ લોકોને બાબાને કહેલું તમે દુખિયોની સેવા કરો. કોઈ સાથે અન્યાય ન કરો. બધાં સાથે હમદર્દીથી કામ કરો, આનાથી તમને જ નહિ પણ તમારા અંતરઆત્માને સંતોષ મળશે.

આ કાર્ય એક માસ ચાલતું રહ્યું પછી યાત્રા આગળ ચાલી પાછળથી ડાફઓ ઉપર વિભિન્ન કલમો ઉપર કેસ ચાલતા રહ્યાં. બાબાએ ડાફઓને કરી દીધેલું. તમારી જે ભુલ હોય તેનો સ્વીકાર કરજો. પણ તમારી કોઈ ભૂલ ન હોય તો ગમે તેવા દબાવથી ડરશો નહિ. કબૂલ કરશો નહિ. અને તમામે એનું પાલન કર્યુ.

બાબા પાસે ડાફઓએ કોઈ વિરોધ, શરત વિના આત્મસમર્પણ કર્યુ એ વાત પોલીસને ખટકો. કારણ કે વર્ષોથી એ કામ પોલીસ કરતી હતી. પણ તેમને સફળતા મળેલી નહિ. એટલે આઈ.જી.એ. ગૃહમંત્રીને સાધી લીધા. પરિણામે તમામ ડાફઓ પર ખોટા કેમ લાગુ કરી દીધા. એકાઉન્ટન્ટમાં પકડી લીધા. ખોટા પુરાવાઓ ઉભા કરવામાં આવ્યા. ને એમાં કેટલાકને ફાંસી તો કેટલાકને ઉમરકેદની સજા આપવામાં આવી. આ તમામ કેસ ? સેશન્સ કોર્ટમાં આવ્યો ત્યારે ડાફઓએ કહ્યું અમે તો વિનોબાએ કહેલું એટલે આત્મસમર્પણ કરેલ છે. પણ કોર્ટે તેના પ્રમાણ, પુરાવાઓ માંગ્યા ગૌતમભાઈ ત્યાં હાજર હતા. તેમણે આધાર પુરાવાઓ મહેનત કરી ફોટાઓ ભેગા કરી કોર્ટમાં રજુ કર્યા. સરકારી વકીલ સજા થાય તેમ ઈચ્છતા હતા. પણ ત્યારે જ સાહેબે કહ્યું. એ વખતે હું પોતે હાજર હતા. વળી દુનિયા આપી જાણે છે કે આ ડાફઓએ વિનોબાજી પાસે આત્મસમર્પણ કહ્યું હતું. આ તમામ ખોટા કેસ છે. એમાંથી તમામને માનસન્માન સાથે છોડી મુકવામાં આવે છે.

ગૌતમભાઈ કેવા સેવક હતા. એનું ઉદાહરણ જુઓ. એક ડાફ ઉભો થયો ને તેના ચપલ ગૌતમભાઈને આવ્યા. ત્યારે ગૌતમભાઈને ભાન થયું કે ઉતાવળમાં તેઓ પગમાં કોઈ પહેર્યા વિના જ કોર્ટમાં આવેલ. આવા તન, મનથી, હદયથી સેવકો બાબાનું કામ કરતા હતાં. આજે ૯૦ વર્ષે ગૌતમભાઈ આ વાત કરતાં ગૌરવ અનુભવે છે. મેં એમને પવનાર આશ્રમમાં જોયો છે.



# બાલ એક્સપ્રેસ



સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

# માનસિક તકલીફો




**તણાવ કાબૂમાં રાખવા શું કરવું ?**

તણાવમુકત રહેવું હોય તો મનને શાંત રહેતા શીખવવું, જે માટે નીચેનાં પગલાં લેવાં જોઈએ :

૧. નિયમિત કસરત, સંતુલિત અનેસંયમિત આહાર અને વ્યસનમુકિત ૨. સ્વજાગૃતિ ૩. સમયપાલન અને સમયસંચાલન ૪. મિત્રો અને કુટુંબીજનો સાથે વિચાર અને લાગણીનું આદાન–પ્રદાન ૫. વૈચારિક નવનિર્માણ અને હકારાત્મક વલણ ૬. સમસ્યાને વાજબીપણે હલ કરવાની ક્ષમતા કેળવવી

૭. હળવા (Relax)થવાની પદ્ધતિઓ શીખી લેવી **ગુસ્સો** :તમારી ઈચ્છા વિરૂધ્ધની કોઈ પણ ઘટના તમને ગુસ્સો કરાવી શકે. ગુસ્સાને દૂર કરવા શું કરવું ? નવા વિચારો, હકારાત્મક અભિનય, અન્યના દષ્ટિકોણથી વાત કે વિચારને સમજવાની તૈયારી અને ગુસ્સો દૂર કરવા માટેનો સંકલ્પ ચોક્કસપણે ગુસ્સાને તમારા જીવનમાંથી દૂર કરી શકે છે. **હતાશા (Depression)** આ નવી સદીની ગંભીર બીમારી છે : (૧) ઉદાસ મૂડ (૨) આનંદ અને રસનો અભાવ ઉદાસીનતા, રડયા કરવું, કંઈ ન ગમવું, ચીડિયાપણું વગેરે આખો દિવસ રહે. કોઈ પણ પ્રવૃત્તિમાં રસ અને આનંદનો અભાવ. વજન અને ભૂખમાં વધ–ઘટ ઓછી અથવા વધુ પડતી ઊંઘ, થાક અથવા સ્ફૂર્તિનો અભાવ, પોતાની જાત પ્રત્યે ગુનાની ભાવના, આપઘાત અને મૃત્યુના વિચારો આવવા. ચોક્કસ કારણ જણાયું નથી, પરંતુ (૧) શરીરનું અને મનનું જૈવરાસાયણિક બંધારણ (૨) જનીનિક પરિબળો અને (૩) બાહ્ય પરિસ્થિતિ મુખ્ય છે.કુલ વસ્તીના ૧૫ ટકા લોકો જીવનકાળ દરમ્યાન ક્યારેક નેક્યારેક તેનો ભોગ બને છે, તેના કારણે દર્દીને સામાજિક અને શારીરિક સમસ્યાઓ વધવાની શક્યતા રહે છે. ડિપ્રેશન અને જુદા જુદા રોગોથી મૃત્યુ થવાની શક્યતા પણ પરસ્પર સંકળાયેલાં છે.પોતાની લાગણી અભિવ્યક્ત નહિ કરનાર (Reserved) વ્યકિત સામાજિક આધાર ગુમાવી બેસે છે, જેના પરિણામે તાણ વધે છે. એકલતા અનુભવાય છે અને રોગો થવાની શક્યતા વધે છે. આવી સ્થિતિથી બચવું હોય તો સૌથી પહેલા હકારાત્મક વિચારો અને લાગણીઓને પ્રાધાન્ય આપો. જીવનના અપનાવવા જેવા હકારાત્મક મૂલ્યનો સ્વીકાર કરો. હંમેશાં આનંદ આપનાર ઘટનાઓને વાગોળો. દુઃખદ ઘટનાઓ ભૂલવાની ટેવ પાડો. બીજી વ્યકિતમાં રસ લો અને સામાજિક અવસરો વધારો. નિયમિત શવાસન, ધ્યાન અને અન્ય સ્ટ્રેસ મેનેજમેન્ટની પદ્ધતિઓ શીખવી જરૂરી છે જેથી ડિપ્રેશન થવાની શક્યતા ઘટી જાય. એક વખત ડિપ્રેશન થયા પછી ડોક્ટરની સલાહ મુજબ સારવાર કરાવવી જરૂરી છે.**સારવાર :** એક વખતનું ડિપ્રેશન કોઈ પણ સારવાર ન કરવામાં આવે તો પણ થોડાક મહિનાઓ કે એક–બે વર્ષમાં જતું રહે છે, પરંતુ આ દરમ્યાન આપઘાત કરે તો જિંદગીથી હાથ ધોવાનો સમય આવે છે. આ જોખમને ધ્યાનમાં લઈને તથા દર્દીના જીવનની ગુણવત્તા સુધારવા યોગ્ય અને સમયસરની સારવાર કરવી જરૂરી છે.ડિપ્રેશનનેકાબૂમાં રાખતી દવાઓ મુખ્યત્વે મગજમાં ઘટી ગયેલ નોર–એડ્રિનલીન અને સિરોટોનીન નામના રસાયણનું પ્રમાણ વધારી દે છે. જેના કારણે મગજના રિસેપ્ટર્સમાં એવા ફેરફાર થાય છે, જે ડિપ્રેશનને ઓછું કરે. દરેક દવાની ખૂબી અને ખામી હોય છે. એક વખત દવા લેવાથી નોંધપાત્ર પ્રમાણમાં ડિપ્રેશન ઘટી જાય એ પછી ડાક્ટરની સલાહ મુજબ ઓછામાં ઓછી છથી નવ મહિના સુધી એ દવા ચાલુ રાખવી પડે છે. જો કોઈ વ્યકિતને ભૂતકાળમાં બે કે ત્રણ વખત મેજર ડિપ્રેશનના હુમલા થઈ ચૂક્યા હોય તો એવા દર્દીઓએ કાયમ માટે ડિપ્રેશનની દવા ચાલુ રાખવી પડે છે.દવા સાથે મનના વિચારો અને લાગણીઓ વધુ હકારાત્મક બને એમાટેના પ્રયત્ન ચાલુ રાખવા જોઈએ. વહેલાં સૂઈને વહેલાં ઊઠનાર વ્યક્તિમાં ડિપ્રેશનનું પ્રમાણ ઓછું જોવા મળે છે અને હોય તો પણ દવાથી જલદી ફાયદો થતો જોવા મળે છે. નિયમિત ખુલ્લા વાતાવરણમાં ચાલવું, દોડવું, રમવું કે અન્ય કસરત કરવાથી પણ સારો ફાયદો થાય છે. યોગ, પ્રયાન અને સ્ટ્રેસ મેનેજમેન્ટ શીખવાથી પણ ઘણો ફાયદો જણાય છે.

# અહીં કેમ આવ્યા છે

છગન : સમજયો ? મેં મોટા મોટા માણસોને પાણી પિવડાવી દીધું છે.
મગન : સારૂં, સમજી ગયો. તું કોઈ મોટી હોટલમાં વેઈટરનું કામ કરતો હોઈશ.

મોન્ટુ તેનું રિઝલ્ટ બતાવીને રડવા લાગ્યો એટલે.
પિતા : બેટા ! અફસોસ ન કર. નસીબમાં નાપાસ થવાનું લખ્યું હશે.
મોન્ટુ : સારૂ થયું મેં મહેનત ન કરી, નહિતર મારી બધી મહેનત નકામી જાત.

શિક્ષક : (વિદ્યાર્થીને) કહે : હવા અને પાણીનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે ?
ચંદુ : સાહેબ બન્ને મારી સાયકલ માટે ઉપયોગી છે. હવા ટાયરમાં ભરવામાં આવે છે, અને પાણી એ જોવાના કામમાં આવે છે કે ટ્યુબમાં પંક્ચર ક્યાં થયું છે ?

શિક્ષક : કેટલીક વાર મૂર્ખાઓને જવાબ આપવાનું ભણેલા માણસને પણ ભારે પડી જાય છે.
વિદ્યાર્થી : એટલે તો હું વર્ગમાં કેટલીક વાર તમે પૂછેલા સવાલનો કંઈ જવાબ આપતો નથી, સાહેબ. મારા જેવા જ હશે. ‘શક્ય જ નથી !’ ટિનિયો એકાએક રડવાનું બંધ કરીને ખિજાયેલા અવાજે બોલ્યો, ‘ આ કલાસમાં અત્યાર સુધીકુલ આઠ ટીચરો આવ્યા, પરંતુ દરેક જણ તેની પહેલાનાં ક્લાસ ટીચર કરતા વધારે ભંકસ હતા.’

ડોક્ટર : જો દીકરા, એસ્પ્રો નામની એક ગોળી આવે છે.
ચંદુ : ‘હં....એસ્પ્રો નામની એક ગોળી આવે છે.’
ડોક્ટર : એ તારે દિવસમાં ત્રણ વાર ખાવાની.
ચંદુ : ‘પણ સાહેબ...એક ગોળી હું ત્રણવાર શી રીતે ખાઉં ?’

મનિયાનો દાંત સડી ગયો અને એમાં ખાડો પડયો ત્યારે ડોક્ટરે પૂછ્યું, ‘આ ખાડામાં પ્લાસ્ટિક, સોનું કે રૂપું ભરી શકાય. બોલ બેટા, તને શું ભરાવવું ગમશે ?’ મનિયાએ ભોળે ભાવે પૂછ્યું, ‘ સાહેબ ચોકલેટ ના ભરાવી શકાય ?’

શિક્ષક : બંટી, સૌથી મોટા રાષ્ટ્રનું નામ કહે જોઈએ ?
બંટી : મહારાષ્ટ્ર

# બરફમાં ઉગતું ફૂલ



તમારે કોઈને કોમળતાની ઉપમા આપવી હોય તો શું લખો ? કદાચ એમ લખો કે એ ફૂલ સમાન કોમળ છે. આમ, ફૂલ કોમળતાના પ્રતીકરૂપ બની ગયું છે.

પરંતુ બધાં ફૂલ આપણે માનતાં હોઈએ એટલાં કોમળ નથી હોતાં. સ્વીત્ઝરલેન્ડમાં ઊગતું સોકદાનેલા નામનું ફૂલ તો કોમળ નથી જ હોતું. સોકદાનેલાનાં બીજ ગમે ત્યારે જમીન પર પડ્યાં હોય છતાં એ ઊગી નીકળે છે. શિયાળામાં ! જી, હા, એનો છોડ શિયાળામાં ઊગે છે. પરંતુ સ્વીત્ઝરલેન્ડ દેશમાં તો સખત બરફ પડે છે. શિયાળામાં તો આખી ધરતી પર અર્ધા મીટર જેટલો બરફનો થર જામે છે. પણ એટલો પહોળો બરફનો થર વીંધીને પણ સોકદાનેલાનાં છોડ બહાર ઊગી નીકળે છે અને એમના પર ફૂલ ખીલે છે.

# ગધ્ધુભૈની વાત

દાદા કહે : છોકરાં, એક વાર અજબ–ગજબની વાત બની હોં !

છોકરાં કહે : શું થયું, દાદા ?

દાદા : જંગલના રાજાની કેશવાળી ગુમ થઈ ગઈ ! બોલો !

રૂદ્રઃ દાદા, કેશવાળી એટલે ?

દાદા હસ્યા : દીકરા, સિંહની ગરદન પર વાળ હોય તેને કેશવાળી કહેવાય, યાળ પણ કહેવાય, સમજયો !

રૂદ્ર, હિમાની કહે : પછી શું થયું ?

દાદા કહે : પછી સિંહે જોયું તો વાઘના શરીરે ચટાપટા જ જોવા ન મળે ! વાઘ ગભરાયોને દોડયો.

રસ્તામાં એને હાથી મળ્યો હાથીને જોતાં જ એને નવાઈ લાગી હોં !



હર્ષ કહે : દાદા, હાથીની સૂંઢ ગુમ થઈ ગઈ ને ?

દાદા કહે : વાહ ! તારી વાત સાચી છે હોં ! હાથીભાઈની તો સૂંઢ જ જોવા ન મળે! હવે ?

શિવાંગે હાર્દી સામે જોયું. એ હસ્યો : કેવું જબરૂ થયું નહીં !

હાર્દી કહે : દાદા, પછી તો સાબરભૈના શિંગડા ગુમ ?

દાદા હસ્યા : હાસ્તો, સાબરનાં શિંગડા ગુમ, ને સસ્સાજીના લાંબા લાંબા કાનેય ના મળે !

શિવાંગ : ‘તો દાદા, ગાય–ભેંસના શિંગડાં ?’

દાદા : ગાય–ભેંસના શિંગડાંયે ગુમ, ને ઊંટભાઈની ખૂંધય....?

હાર્દી હસી પડીઃ ખૂંધય ગુમ !? અરે ! વાહ !

દાદા : હૂપાહૂપય ગુમ, ને કોયલનું કૂહુકૂહ, કૂકડાજીનું કૂકડે કૂક પણ ગુમ એટલે ગુમ !

હિમાની : ને કૂતરાની વાંકી પૂંછડી ?

દાદા : એય ગુમ ! ને ઉંદરમામા, બિલ્લીમાસીની પૂંછડીઓય ગુમ !!

શિવાંગ : દાદા, કોઈની કેશવાળી, કોઈના ચટાપટા, તો કોઈનાં શિંગડાંને પૂંછડી ગુમ થયાં તો આપણું માણસ ભૈનું શું ગુમ થયું ?

દાદા કહે : “ખરી વાત છે, તો છોકરાં, તમે એક કામ કરો, સૌ પોતપોતાની આંખો બંધ કરો, ને જુઓ, દુનિયા કેવી દેખાય છે ?”

સૌ છોકરાં એક સાથે ખડખડાટ હસી પડ્યાં, ને બોલ્યાં : હેં, માણસ ભૈની આંખો ગુમ !?

દાદા : બોલો, હવે થાય શું ? આંખો વગર તો બધું અંધારૂં ધબ્બ !

છોકરાં કહેઃ હા, દાદા,....હોં !

દાદા : “છોકરાં, જોયું ને, બધાંયનું એક અંગ ગુમ થયું, તો ગધ્યુભૈનું શું ગુમ થયું હશે ? બોલો !.....”

હાર્દી : કાન !


રૂદ્ર : પૂંછડી !

હર્ષ : હું કહું દાદા !?

દાદા : કહે !

હર્ષઃ ગધ્ધુભૈની અક્કલ ગુમ થઈ હશે.

દાદા : વાહ ! બહુ અક્કલની વાત કરી તેંતો !....



હિમાની : દાદા, પછી તો સૌ ભગવાન પાસે ગયાં હશે ને !?

દાદા : હા, દીકરી, બધાંય ભગવાન પાસે ગયાં. ને ભગવાને તેમને જે જે ખૂટતું હતું તે તે અંગ પાછું આપી દીધું હોં !

હિમાની : પછી દાદા, મોરલાભાઈની કલગી ? ને પોપટજીના કંઠે શોભતો કાળો કાંઠલો ?

દાદા કહે : ગુમ ! કલગીયે ગુમ, ને કાળો કાંઠલોય !!

શિવાંગ : તો પછી બગલા ભૈની લાંબી ચાંચ ?

દાદા : અરે ! એકલા બગલાની જ નહીં કાગડા–સમડીની ચાંચય ગુમ!!

હર્ષઃ દાદા, ચકલીની ચાંચ ?

દાદા કહે : દીકરા, ચકલીની ચાંચની કયાં વાત કરે છે ! આખેઆખી ચકલી જ ગુમ !! બોલો, આજકાલ ચકલી કયાંય જોવા મળે છે ખરી !?

છોકરાં એક સાથે બોલ્યાં : ‘ ‘ના, દાદા !!”

હિમાની : દાદા, આમ કેમ ? ચકલીઓ કેમ જોવા મળતી નથી ?

દાદા : મને લાગે છે કે... વાહનોનો ઘોંઘાટ, ટી.વી.,ને મોબાઈલ, એન્ટેનાનાં ટાવરો કે પછી ? ગમે તે હોય. પણ ચકલીઓ ??

હર્ષ કહે : વાંદરાભૈના હૂપાહૂપનું શું દાદા ?

હર્ષઃ પણ દાદા, ગધ્ધુભૈની અક્કલનું શું ?

દાદા હસી પડયા : લ્યો, તું તો જબરો ચાલાક છે

ને પછી હર્ષને માથે હળવી ટપલી મારીને એમણે કીધું : પછી તો ગધ્ધુભૈને પોતાની ગુમ થયેલી અક્કલ માગવાનું યાદ ન આવ્યું, ને ભગવાન ય એને એની અક્કલ પાછી આપવાનું ભૂલી ગયા, તે હજુ આજેય ગધ્ધુભૈ તો મૂરખના મૂરખ રહ્યા !....

છોકરાં બધાં હસી પડ્યાં : વાહ, દાદા, વાહ !

પછી દાદા કહે : સાંભળો, છોકરાં !


સૂરજ સોહે, ચાંદો સોહે, સોહે દિવસ–રાત, બોલો ગધ્ધાભૈની કેવી અજબ ગજબની વાત !

– અને સૌ છોકરાં ફરી હસી પડયાં : વાહ દાદા, વાહ !



બાલમિત્રો,


આપણે ઈ.સ. ૨૦૨૬જના નૂતન વર્ષે મળી રહ્યા છીએ. બાલમિત્રો, તમારા વાલીઓ, મોટેરાઓને સૌન નૂતન વર્ષનાં અભિનંદન નવા, નૂતન વર્ષનો આનંદ હોય છે. ઈસુ ખ્રિસ્તીના નામ સાથે આ વર્ષનું નામ જોડાયેલું છે. ખાસ કરીને ખ્રિસ્તીઓ માટે આનંદનો દિવસ હતો. તા. ૨૫/૧૨/૨૫ એટલે નાતાલ તા. ૨૫/૧૨ થી ૩૧/૧૨/૨૫ સુધી એમને માટે ઉત્સવ હોય છે. દેવળોમાં ખ્રિસ્તી પ્રાર્થના કરે છે. નવાં કપડાં પહેરે છે. ઉતમ ખાવાનું હોય છે. દેવળોમાં ફાધર બધાને ઈસુનો સંદેશ સંભળાવે છે. દેશ દુનિયામાં આ નાતાલનું મહત્ત્વ છે. આપણને જેમ દિવાળીનું મહત્વ હોય છે. એમ આ દિવસે અબાલ વૃધ્ધ ભેટીને નૂતન વર્ષનાં અભિનંદન આપે છે.



આ બધી વતોની ખબર ન હોય. પણ એક માણસને આખું જગત ઓળખે છે. વળી તે સૌના પ્રિય પણ છે એ છે સાંતાકલોઝ બાળકોને તો ખાસ મજા આવે. ગમે સાંતાકલોઝનાં કપડાં પહેરી ફરતાં હોય છે. શાંતાકલોઝનો પણ ઈતિહાસ છે. ફરી કયારેક વાત કરીશું. ફરીથી સૌ બાળમિત્રોને નૂતન વર્ષાભિનંદન.

# ઊંટપગ સડે

## બાલ કથાઓ




ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

એક હતી કીડી. એ ચાલી જતી હતી ત્યાં એક ઊંટના પગ તળે કચરાઈ.કીડીએ ઊંટને શાપ આપ્યો : ‘ઊંટપગ સડે.’ત્યાં તો ઊંટનો પગ સડી ગયો.સડેલા પગવાળો ઊંટ એક પીપળાનાં પાન ખાવા ગયો.પીપળો કહે : ‘કેમ ભાઈ ! તમારો પગ કેમ સડી ગયો ? શું છે ? કાલે તો તમારો પગ સાજો સારો હતો.’ઊંટ કહે : ‘ કીડીબાઈનો શાપ લાગ્યો છે.’

‘ઊંટપગ સડે ને પીપળ પાન ખરે.’ત્યાં તો પીપળાનાં બધાં પાન ખરીને નીચે પડ્યાં. એટલામાં ત્યાં તો એક હોલો આવ્યો. પાન વિનાનો પીપળો જોઈને કહે : ‘પીપળભાઈ, પીપળાભાઈ ! હજુ હમણાં જ તમારાં લીલાંછમ પાંદડાં આમ આમ હલતાં હતાં ને આ ઘડીકમાં શું થઈ ગયું ? બધાંય પાંદડાં શાથી ખરી ગયાં ?’પીપળો કહે : ‘અરે! ભાઈ! તમને ખબર નથી ? કીડીબાઈનો શાપ લાગ્યો છે :’ઊંટપગ સડે, પીપળપાન ખરે, ને નપંખા હોલા.ત્યાં તો હોલો બિચારો નપંખો થઈ ગયો. એની બંને પાંખો ખરી પડી.હોલો તો તરસ ખૂબ લાગી હતી એટલે હળવે હળવે ચાલતો ચાલતો નદીએ પાણી પીવા ગયો.નપંખા હોલાને જોઈ નદી તો વિચારમાં પડી ગઈ. તે કહે : ‘અરે હોલાભાઈ ! આ તમને શું થયું ? ઘડીક પહેલાં તો બેય પાંખે ઊડતા ઊડતા પાણી પીવા આવ્યા હતા, ને હવે તો એકેય પાંખ નથી !’હોલો કહે : ‘ જાણતી નથી, બહેન ? કીડીબાઈનો શાપ લાગ્યો છે :’‘ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા ને નપાણી નદી.’ ત્યાં તો મોટી બધી નદી સુકાઈ ગઈ.ઘડીક થઈ ત્યાં એક શિયાળ પાણી પીવા આવ્યું. નદીમાં તો કાંકરા ઊડતા હતા. ખાલીખમ નદી જોઈને શિયાળે કહ્યું : ‘નદીબાઈ, નદીબાઈ! કાલે તો રૂપાળાં બે કાંઠામાં વહ્યાં જતાં હતાં ને આજે આમ કોરાંધાકોર કેમ થઈ ગયાં ? એકદમ તમને શું થયું ?’ નદી કહે : ‘બાપુ ! કીડીબાઈનો શાપ લાગ્યો છે :’‘ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા, નપાણી નદી,’ ને બાંડા શિયાળ.ત્યાં તો શિયાળ બાંડું થઈ ગયું. એનું પૂછડું ખરીને નીચે પડ્યું.ત્યાંથી શિયાળ વનમાં ચાલ્યું.રસ્તામાં તેને એક ગોવાળિયો મળ્યો.ગોવાળ કહે : ‘શિયાળ, શિયાળ ! તું બાંડું કેમ ? તારી પૂંછડી ક્યાં ગઈ ?’શિયાળ કહે : ‘એ તો કીડીબાઈનો શાપ લાગ્યો છે.’ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા, નપાણી નદી, બાંડા શિયાળને બેરિયા ગોવાળ.ત્યાં તો ગોવાળ બેરો થઈ ગયો.ગોવાળ તો ગાયો ચારતો ચારતો સીમ ભણી ચાલ્યો. ત્યાં તેને એક ભથવારી મળી.ભથવારીએ ગોવાળને ગામનો રસ્તો પૂછ્યો પણ સાંભળે કોણ ?ભથવારી તો ગોવાળની પાસે ગઈ ને તાણીને બોલી : ‘અરે ભાઈ ! તમે બેરા કે’ દિવસ થયા ? આજ તો કાંઈ સાંભળતા જ નથી !’ગોળાળ કહે : ‘તને ક્યાં ખબર છે ? કીડીબાઈનો શાપ લાગ્યો છે :’ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા, નપાણી નદી,બાંડા શિયાળ, બેરિયા ગોવાળ,ને ધૂણતી ભથવારી.ત્યાં તો ભથવારી ધૂણવા લાગી : ‘ધુ... ધુ... ધુ... ધુ... ધુ... ધુ... !’ એ તો ધૂણતી ધૂણતી ગામને પાદર આવી. ત્યાં એને એક પાણિયારી મળી. ભથવારીને ધૂણતી જોઈને પાણિયારી કહે : ‘અરે બહેન ! આ તે તને શું થયું છે ? સીમમાંથી કાંઈ ઝોડબોડ તો નથી વળગ્યું ને ?’ ભથવારી કહે : ઝોડ કાંઈ નથી વળગ્યું પણ કીડીબાઈનો શાપ છે :ઊંટપગ સડે, પીપળપાન ખરે, નપંખા હોલા, નપાણી નદી,બાંડા શિયાળ, બેરિયા ગોવાળ ,ધૂણતી ભથવારી ને બકી પાણિયારી.ત્યાં તો પાણિયારી બકવા લાગી.બકતી બકતી પાણિયારી ગામના ચોરા પાસેથી નીકળી. ડાયરામાંથી એક જણે પૂછ્યું : ‘એ પાણિયારી, પાણિયારી !’ કેમ કાંઈ ગાંડી થઈ ગઈ છે ? બકતી બકતી કેમ ચાલી જાય છે ?’ પાણિયારી કહે : ‘ભાઈ ! ગાંડી તો કાંઈ નથી, આ તો કીડીબાઈનો શાપ લાગ્યો છે :ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા, નપાણી નદી,બાંડા શિયાળ, બેરિયા ગોવાળ,ધૂણતી ભથવારી, બકતી પાણિયારી, ને નમૂછિયો ડાયરો.ત્યાં તો ડાયરાના બધા માણસો નમૂછિયા થઈ ગયા ને રાગ કાઢીને ગાવા ને નાચવા લાગ્યા :ઊંટપગ સડે, પીપળપાન ખરે,નપંખા હોલા, નપાણી નદી,બાંડા શિયાળ, બેરિયા ગોવાળ,ધૂણતી ભથવારી, બકતી પાણિયારી, નમૂછિયો ડાયરો.

# શંકરલાલ બેંકર

## ગાંધી–ગંગા



(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી



**૪૩ ‘એમ કહ્યું કે, સિનેમા, કાઢ જો ?’**

૧૯૨૨માં ગાંધીજીને છ વરસની કેદની સજા થઈ હતી. એમની સાથે મને એક વરસની સજા થઈ હતી. એ વરસ હું ગાંધીજી સાથે જેલમાં રહ્યો ત્યારે એમને કાંતવા–પીંજવાને પોતાની દિનચર્યામાં મુખ્ય સ્થાન આપ્યું હતું. શરીર કામ આપી શકે એટલી હદ સુધી તેમણે રોજ બે કલાક પીંજવાના અને ચાર કલાક કાંતવાના કામ માટે રાખ્યા હતા. એવામાં, જેમની કેદની મુદત પૂરી થવા આવી હતી તેવા એક નેતા ગાંધીજીને મળ્યા અને પૂછ્યું : “બાપુ, જેલમાંથી બહાર જઈને મારે શું કરવું તે અંગે આપ સલાહ આપો.”ગાંધીજીએ કહ્યું, “બહાર જઈને ખાદીને જોરશોરથી દેશમાં ફેલાવજો.”એ ભાઈ પોતે ખાદી પ્રેમી હતા અને શ્રદ્ધાપૂર્વક રેંટિયો પણ ચલાવતા; પરંતુ લોકોની વૃત્તિ વિશે એમના દિલમાં શંકા હતી. તેમણે કહ્યું, “બાપુ, આપનું કહેવું બરાબર જ છે. પણ આ ખાદી ચાલશે શી રીતે ? લોકોને જો એ પસંદ ન પડે, તો શું કરી શકાય ?”એ સજ્જનના આવા પ્રશ્નથી ગાંધીજીને દુખ થયું અને તેઓ કંઈક વ્યગ્રતાથી બોલી ઊઠ્યા : “ ઠીક, તો તમે જ કહો કે બીજું કયું કામ બતાવું ? શું એમ કહું કે, સિનેમા કાઢ જો? સિનેમા તો લોકોને ખૂબ ગમશે. સેંકડોની સંખ્યામાં લોકો એ જોવા આવશે અને તે માટે પૈસા પણ આપશે. પણ તેથી શું ? શું આપણું કામ લોકોને પસંદ પડે એવી જ પ્રવૃત્તિઓ બતાવવાનું છે ? આપણે તો જેમાં તેમનું હિત હોય તેવો માર્ગ બતાવવો જોઈએ, અને રેંટિયો જ તે માર્ગ છે.”ગરીબ પ્રજાને શરીર ઢાંકવા પૂરાં કપડાં નથી મળતાં, તે સ્થિતિથી ચોંકી ઊઠીને એમણે કચ્છ ધારણ કર્યો હતો અને બીજાં વસ્ત્રોનો ત્યાગ કર્યો હતો. દેશમાં ગરીબીનું દુખ તો છે જ, પરંતુ પ્રજામાં ઘર કરી બેઠેલું આળસ ગાંધીજીને તેનાથી પણ વધુ ખટક્યા કરતું હતું. એટલે તેઓ કહેવા લાગ્યાઃ “લોકોને કપડાં નથી મળતાં અને ભૂખમરો વેઠવો પડે છે, એ દુખની વાત છે જ. પણ એથીયે વધુ દુખદ વાત તો એમનામાં ઘર કરી બેઠેલું આળસ છે. આપણા દેશની આટલી દયાજનક સ્થિતિ કેમ ? તેનો વિચાર કરો તો તેના મૂળમાં આળસ જ ભર્યું છે. પ્રજાને જો ગરીબાઈ ખૂંચતી હોય, તો તેણે મહેનત કરીને તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. પણ આજે તો આળસનાં પડળ એટલાં જામ્યાં છે કે જયાં ગરીબી અને દુખ વધુ, ત્યાં આળસ પણ વધુ જોવા મળે છે. આ આળસ દૂર થાય તો જ ગરીબી જાય. એ આળસને દૂર કરવાનો સાચો ઉપાય એ છે કે ગામડાંની પ્રજા સહેલાઈથી કરી શકે એવા કામે તેને લગાડવી. તો તેમના શરીરનું અને સાથે સાથે મનનું આળસ પણ દૂર થાય.”

## રાખનું દોરડું

**સંસ્કાર ગાથા** — શ્રી ગિજુભાઈ ભરાડ — પૂ.શ્રી મુક્તાનંદ બાપુ

ગારતોંગસેન નામનો એક ચતુર માણસ તિબેટનો મંત્રી હતો. તેની ચતુરાઈની તો ઘણી બધી વાતો છે. એક વાર તેણે વિચાર્યુ : 'મારો પુત્ર મૂર્ખ અને બુધ્ધ છે. આથી તેને માટે એક ચતુર પત્નીની જરૂર છે. પણ હું એવી છોકરી લાવું ક્યાંથી ?'એક દિવસ તેણે પોતાના પુત્રને એક સો ઘેટાં આપીને કહ્યું :' તું આમાંથી એક પણ ઘેટું વેચતો નહિ કે કોઈ ઘેટાને મારતો નહિ. સાંભળ , એ બધાં ઘેટાંની પીઠ પર જવનું એકએક છાલકું લાદીને પાછો આવ.'મૂર્ખ પુત્ર ઘેટાં લઈને ઘણે દૂર સુધી ચાલતો રહ્યો, પણ જવ કાંઈ રેઢાં પડયાં છે ? ખરીદી કરવા માટે તેની પાસે પૈસા નહોતા. અંતે, તે એક નગર પાસે પહોંચ્યો અને થાકી પાકીને બેસી ગયો. વિચારમાં અને વિચારમાં તેનું મન એકદમ ઉદાસ થઈ ગયું ! થોડીવારે ત્યાંથી એક યુવતી પસાર થઈ. તે સુંદર યુવકના મોં પરની ઉદાસી જોઈને થોભી ગઈ. તેણે ઉદાસ યુવકને પૂછ્યું :

'તું કેમ ઉદાસ છે ? મને તારી ઉદાસીનું કારણ કહીશ ?'છોકરાએ કહ્યું : 'મારા પિતાએ મને સો ઘેટાં આપીને એવું કહ્યું છે કે ન તો મારે ઘેટાંને વેચવાનાં કે ન તો મારવાનાં. પણ તે બધાં ઘેટાંની પીઠ પર જવના છાલકાં લાદીને પાછા ફરવાનું.'છોકરી બોલી : 'એમાં ઉદાસ થવાની શી જરૂર છે ? તું ઘેટાંની નન્ કાપીને વેચી નાખ. તેથી જે પૈસા મળે તેમાંથી એક સો છાલકાં જવ ખરીદીને પાછો ફર.'છોકરાએ તે પ્રમાણે કર્યુ જયારે તે સો છાલકાં જવ સાથે ઘેર પહોંચ્યો, ત્યારે ખુશ થઈને વળી પિતાએ કહ્યું : 'ઘેટાં ફરી લઈ જા. જા, જવનાં બીજાં સો છાલકા લઈ આવ.'છોકરો ફરીથી ઘેટાં સાથે એ જ નગરમાં પહોંચ્યો. એ જજગ્યાએ ઉદાસ થઈને બેસી ગયો. થોડીવારે વળી તે જ યુવતી તેને મળી. યુવતીએ તેને પૂછ્યું : 'કાં, વળી પાછો આવ્યો ?' એણે બધી વાત કહી.'ધીરજ ન ગુમાવ. નિરાશ થવાને બદલે કોઈ યુકિત ખોળી કાઢવી જોઈએ. સાંભળ , આનો ઉપાય છે. તું ઘેટાંઓના શિંગડા કાપી નાખ. તે શિંગડાઓ તલવાર–કટારની મૂઠ બનાવવાના કામ આવશે. તે વેચીને સો છાલકાં જવ લઈને પાછો ફર.'છોકરાએ તેમ કરીને જવનાં સો છાલકાં ખરીદ્યા.ઘેર પાછો ફર્યો, તો પિતાએ અચરજથી પૂછ્યું :'તને બુદ્ધિ આપનાર કોઈ બીજું છે. બોલ, કોણ છે તે ?'પુત્રે પિતાને બધી વાત કહી દીધી. વાત સાંભળીને તે ચતુર પિતાએ કહ્યું : ' જા છોકરીને જઈને કહે કે તું ઘણી હોશિયાર છોકરી છે. શું તું રાખમાંથી દોરડું બનાવી શકીશ ?'છોકરીએ વાત સાંભળીને જવાબ આપ્યો :જા, તારા પિતાને કહે હું રાખનું દોરડું તો બનાવી આપીશ, 'પણ તમે દોરડાને સંકેલી શકશો ?'પિતાએ જવાબ મોકલાવ્યો :'હા હું રાખનું દોરડું સંકેલી શકીશ.'છોકરીએ ઘાસમાંથી એક દોરડું વણ્યું. તે દોરડાને પાટીયા પર રાખીને સળગાવ્યું. પછી તે દોરડું રાખનું બની ગયું. તેણે રાખના દોરડાને છોકરા સાથે મોકલી દીધું.

ચતુર મંત્રી રાખનું દોરડું શી રીતે વીટી શકે ?તે છોકરીની ચતુરાઈથી પ્રસન્ન થયો. તેને જેવી પુત્રવધૂ જોઈતી હતી, તેનાથી સવાઈ પુત્રવધૂ મળી ગઈ.બોલો, ચતુરને આંટી મારે તેવા સવાઈ ચતુર આ જગતમાં મળી આવે છે ને ?

## ગુજરાતનાં ભીંતચિત્રો



ગુજરાતનાં ભીંતચિત્રો

સંપાદક
જોરાવરસિંહ જાદવ

પ્રકાશક
ગૂર્જર પ્રકાશન
૨૦૨, તિલકરાજ,
પંચવટી પહેલી લેન,
આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૦૬
કિં. રૂ. ૮૦૦/-

લાખેક વર્ષ અગાઉ આદિમાનવ પોતાની ગુફાની ભીંતો પર ચિતરામણ કરતો. ત્યારથી માંડીને આજ સુધી માનવીને ભીંતો ચીતરવાનો ભારે શોખ છે. પાંચેક વર્ષ અગાઉ અમારા ઘરની ભીંતો નવેસરથી ધોળવામાં આવી કે તરત બારેક વર્ષનાં પૌત્રીએ બેઠકના ઓરડાને ફૂલવેલથી (અને પ્રેરક સૂત્રોથી) ભરી દીધો ! બધી ભીંતો સુશોભિત !

જેમ નાનકડાં દીકરીબાએ પોતાના રહેઠાણનો ઓરડો શોભાવ્યો તેમ છેક પ્રાચીનકાળથી ગુજરાતનાં ઘરો, મંદિરો, મહેલો, જાહેર સ્થળો શોભાવવામાં આવ્યાં છે. એ આપણા પ્રદેશનો અમૂલ્ય કળ ાવારસો બની રહે છે. એ ચિત્રોએ નાગરિકોની આંખો ઠારી છે, ગૌરવ અપાવ્યું છે, આસ્થા પ્રેરી છે. એ જ રીતે, સારા ચિત્રકારોને ધન પણ અપાવ્યું છે. એ રીતે કલાકારોને ઉત્તેજન આપીને કળ ાકીય વારસો અને પરંપરા જાળ વવાનું કામ કર્યું છે.

અલબત્ત, 'ગુજરાત' તરીકે ઓળખાતો પ્રદેશ નાનો–સૂનો નથી. આજનું ગુજરાત યૂરોપના ડઝનેક દેશો કરતાં મોટું છે. સંદેશ અને યાતાયાતનાં આજનાં જેટલાં સાધનો નહોતાં અને જયારે 'બાર ગાઉએ બોલી બદલાય' એવું જનજીવન વૈવિધ્ય હતું અને જયારે એકલા ગુજરાતમાં ૨૦૦ જેટલાં રજવાડાં હતાં ત્યારે બોલી, પહેરવેશ, ખાણીપીણી વગેરેનું વૈવિધ્ય હતું તેમ કળાકીય વૈવિધ્ય હોય તે સ્વાભાવિક છે. એટલે થોડે થોડે અંતરે ભીંતચિત્રો જેવી લોક–ચિત્રકળા પણ વૈવિધ્યમય વિકસી.

આ વિવિધ પેટા–પ્રદેશનાં ભીંતચિત્રો વિશે વિવિધ અભ્યાસીઓએ જે સંશોધન કર્યા એમનો સંચય આ પુસ્તકમાં જોરાવરસિંહ જાદવે કર્યો છે. ચિત્રકાર શાંતિ શાહના લેખ 'આદિ માનવની ગુફાચિત્રણ કળા'થી શરૂ કરીને સાત વિભાગોમાં કુલ ૪૦ લેખો દ્વારા ભીંતચિત્રોનો વિસ્તૃત સચિત્ર પરિચય અહીં મળે છે. અલબત્ત, સાતમો વિભાગ ગુજરાતનાં ભીંતચિત્રોનો નહિ પણ ભારતનાં કેટલાંક અન્ય રાજયોનાં ભીંતચિત્રોનો પરિચય આપે છે.

અહીં વિશેષ લેખો સ્વયં સંપાદક જોરાવરસિંહ જાદવના છે. ઉપરાંત પ્રમુખ લેખકો છે ખોડીદાસ પરમાર, રામસિંહજી રાઠોડ, વાસુદેવ સ્માર્ત વગેરે. સવાબસો જેટલાં પાનાંમાં લગભગ એટલાં ચિત્રોનો વૈભવ ધરાવતા આ પુસ્તકની બે આવૃત્તિ થઈ છે તે સમજણા ગુજરાતીઓની કળાપ્રિયતાની સાક્ષી પૂરે છે.

## આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાલ એકસપ્રેસ

## જ્ઞાનમંજરી

**રમત જગત**

(૧) દુલીપ ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલી હોય છે ? – ક્રિકેટ
(૨) આગાખાન કપ કઈ રમત સાથે સંકળાયેલી છે ? – હોકી
(૩) ધ્યાનચંદ્ર ટ્રોફી કઈ રમત માટે અપાય છે ? – હોકી
(૪) નહેરૂ ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ? – હોકી
(૫) વી.સી. રોય ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલી છે ? – ફૂટબોલ
(૬) સંતોષ ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ફૂટબોલ
(૭) પૂર્ણીમા ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ K[ ? – વોલીબોલ
(૮) ક્રિકેટની રમતમાં કુલ કેટલા ખેલાડી હોય છે ? – ૧૧
(૯) વિશ્વના સર્વોત્કૃષ્ટ હોકી ખેલાડી અને "હોકીના જાદુગર" બિરૂદ કોને આપવામાં આવ્યુ છે ? – ધ્યાનચંદ
(૧૦) ૧૦૦, ૨૦૦ અને ૪૦૦ મીટર દોડમાં રાષ્ટ્રીય વિક્રમ ધરાવનાર ખેલાડી કોણ છે ? – પી.ટી. ઉષા

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### એક મૂરખને એવી ટેવ

મળસ્કાનો ઠંડો વાયુ, આછેરો ઉજાસ, સર્વત્ર પ્રસન્નતા. બાગમાં માળીએ રોપડાઓને પ્રભાતી સ્નાન કરાવ્યું હતું. ફૂલડાં મસ્તીમાં ડોલતાં હતાં. વિશાળ વૃક્ષો તેમની બાળરમત નિહાળી રાજીપો વ્યકત કરતા હતા. સુવાસ સ્વરે ગોઠડી કરતા ફૂલડાંઓ એકાએક સ્તબ્ધ બન્યાં. એક ભગતડો હાથમાં ટોપલી લઈ ફૂલો ચૂંટવા લાગ્યો – ભગવાનને ધરાવવા માટે ! એક પુષ્પથી રહેવાયું નહીં, બોલ્યું – ' મૂરખ !' બીજાએ પૂછયું : 'કેમ ?' જવાબ મળ્યો 'નહો તો બીજું શું ? – પરમાત્માના અદશ્ય ચરણ અહીં છે, એટલે તો અમે અહીં છે, એટલે તો અમે અહીં ખીલ્યા છીએ, એટલું ય એ જાણતો નથી, માણસ થઈને !'

## આપણે સર્વશ્રેષ્ઠ કેમ બનીશુ

**જ્ઞાનજયોતિ** — શ્રી ગિજુભાઈ ભરાડ

શ્રેષ્ઠતા એક રીતે શોખનો અને દુરાગ્રહનો વિષય છે. જેનામાં જીતવા માટેની જિદ હોય છે જે પોતાને શ્રેષ્ઠત્વ તરફ આગળ વધારે છે. જગતના વિવિધ ક્ષેત્રોમાં સર્જાયેલા વિશ્વ વિક્રમો આપણને એ હકીકતનો પરિચય આપે છે કે જયાં કોઈ પહોંચી શકયું ન હતું ત્યાં એ લોકો પહેલીવાર જ પહોંચ્યા હોય છે. શ્રેષ્ઠતા હાંસલ કરવા પાછળનું સૌથી મોટું સર્વસ્વીકૃત રહસ્ય ફૂટવર્ક એટલે પાયાનું એ તાલીમી કાર્ય વારંવારના પુનરાવર્તનથી એક અજબ પ્રકારની, અકલ્પિત નવી ચમકને ધારણ કરે છે. હંસને તમે સરોવરમાં તરતો જોઈ શકો છો. જોતા અને એની ડોકમાં વળાંકમાં રહેલા લયના સોંદર્યને અનુભવતા એમ લાગે છે કે હંસ પોતાની ઈચ્છા પ્રમાણે સરોવરમાં તરી રહ્યો છે. શુટીંગ કરતા હો તે રીતે કેમેરા હવે પાણીમાં અંદર ઉતારો અને જુઓ તો એ તરતા હંસના પગ સતત પેડલીંગ કરતા હોય છે. પાણીની અંદરનું એ આપણને ન દેખાતું પેડલીંગ જ જળની સપાટી પર આપણને દેખાતા હંસને તરતો રાખે છે. જેની પાસે પોતપોતાનો વિષય ક્ષેત્રમાં આવુ પેડલીંગ છે તેઓ શ્રેષ્ઠ પરફોર્મન્સ કરી શકે છે. શ્રેષ્ઠ એ જેમ આત્મસંકલ્પનો વિષય છે તેમ પ્રેરણાનો પણ વિષય છે. જો સમયસર ઉચ્ચ લક્ષ્યાંકોની દિશા પ્રાપ્ત થઈ હોય તો શ્રેષ્ઠતા સિધ્ધ તો થાય જ છે પરંતુ વ્યકિત પોતે એનો પર્યાય બની જાય છે. જેમ કે ક્રિકેટ અને સચિન, મેરાડોના અને ફૂટબોલ, મેરેલીન મનરો અને અભિનય, ચાર્લીચેપ્લીન અને હાસ્ય, વિવેકાનંદ અને યૌવન, મધર ટેરેસા અને સેવા વગેરે.

## સાસરે બેઠેલી દીકરી મુંઝાયેલ માનું પિયર છે :

**દીકરી વ્હાલનો દરીયો** (પૂર્તી વિભાગ) — લેખકશ્રી બલદેવભાઈ ઓઝા

વહુ દીકરાના વર્તનથી મા જયારે દુભાય ત્યારે એની હાલત કરૂણાજનક હોય છે. આ દઃખ દનિયા આગળ ગાઈ શકાતં નથી. ઘર અને સંતાનની આબરૂની ખાતરમાં સઘળી વેદનાને હદયમાં સંઘરી રાખે છે. સાસરે ગયેલી દીકરીને મા મળે ત્યારે મન મૂકીને હદયની વેદના દીકરી આગળ ઠાલવે છે. હદયનો ભાર હળવો કરે છે. મા ગમે તેટલી મોટી ઉંમરની હોય, દીકરીએ મુંઝાયેલી માનું પિયર છે.

## મધુમાખી

મધમાખીએ અનેક વાર આંટાફેરા કર્યા. કેટલીયે વાર સામે પવને પાંખો વીંઝી. દૂર દૂરના વગડાનાં વિવિધ ફૂલો સુધી ઘૂમી વળ ી. મધનું ટીપું ટીપું લઈ સાથીઓ સાથે મધપૂડો ભરવા લાગી.

ત્યાં આવી પહોંચ્યો મધપૂડો પાડનારો. ધુમાડો કર્યો. મધમાખીઓ ગૂંગળાઈ ઊઠી. મધપૂડો છોડી તેમને નાસી જવું પડ્યું.

"મધમાખી ઉદાસ બની બેઠી એક ભાંગીતૂટી બારી પર. તેણે અંદર નજર કરી. એક મા પોતાના માંદા બાળકને ટીપે ટીપે મધ ચટાડતી હતી. બાળકના માંદલા, શંક્કા મોં પર ફૂલ જેવું સ્મિત ફરકતું હતું."

મધમાખીના ઉદાસ ચહેરા પર આનંદની લહેરખી ફરકી ગઈ. તે ઊઠી, તે ઊડી અને પાંખોનો ઝણકાર કરતી મધ એકઠું કરવા ફૂલે ફૂલે ફરવા લાગી.

**મકરંદ દવે**
**(સ્ત્રોત : 'માનવ')**

## બહિષ્કાર – મીનાક્ષી

– અવિનાશ પરીખ

ફળિયાના કાગડાઓ એક દિવસે એકઠા થયા, એક બંધ મકાનના છાપરા ઉપર ભેગા થઈને સહુ કાઉ કાઉ કરી રહ્યા હતા.

એક બળકટ કાગડાએ અચાનક જ બુલંદ સ્વરમાં સહુને સંબોધતાં કહ્યું : "સાંભળો... સાંભળો। આપણી જાત માણસ જાત માટે સાવ નકામી ગણાય છે. લોકો કૂતરા પાળે છે બિલાડી પાળે છે, પોપટ પાળે છે, પણ કદી સાંભળ્યું છે કે માણસે કાગડો પાળ્યો હોય !"

બધાં કાગડાં વિચારમાં પડી ગયા. બળકટ કાગડાની વાત સાચી હતી. એક કાગડાએ પૂછ્યું, "તો તમે માણસ જાત સામે શું કરવા માંગો છો ?"

બળકટ કાગડાએ કહ્યું : "આપણી પાસે આ માણસ જાતને સબક શીખવવાનો સરસ રસ્તો છે."

"કયો રસ્તો ?" સહુએ એકી અવાજે પૂછ્યું.


"શ્રાદ્ધના દિવસોમાં સહુ આપણને વાસ નાખ્યા બાદ ખાવા માટે આમંત્રણ આપે છે. મૂરખાઓ માને છે કે આપણા રૂપમાં પિતૃઓ ભોજન આરોગવા આવે છે. બસ, શ્રાદ્ધના દિવસોમાં જ આપણી બોલબાલા ! બાકીના દિવસોમાં આપણને આ માણસજાત હડધૂત કરે છે."

કાગડાઓ બળકટ કાગડાની વાતને વાગોળી રહ્યા હતા. ખૂબ જ સચોટ તારણ બળકણા કાગડાએ કાઢ્યું હતું.

"તો, હવે કરવું છે શું ?" એક કાગડાએ અધીરાઈ દાખવી.

બળકટો કાગડો ઠાવકાઈથી બોલ્યો, "આપણે શ્રાદ્ધના ભોજનનો બહિષ્કાર કરીશું, કોઈએ વાસ ખાવા જવાનું નથી. આ પગલાંથી માણસો મૂંઝાશે, તેમને પોતાની ભૂલ સમજાશે અને આપણા દિવસો સુધરશે. આપણી પણ ઈજ્જત છે મિત્રો !"

દરેક કાગડાએ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. શ્રાદ્ધના દિવસો નજીક



આવી રહ્યા હતા. સહુ કાગડા આતુરતાપૂર્વક શ્રાદ્ધપક્ષની રાહ જોઈ રહ્યા હતા.

અને શ્રાદ્ધના દિવસો ચાલુ થયા. પ્રથમ દિવસે ફળિયાના સૌથી સુખી ગણાતા શેઠને ત્યાં શ્રાદ્ધ હતું. શેઠિયો છાપરા ઉપર ગયો અને વાસ નાખીને પિતૃઓના રૂપમાં કાગડાઓને આહ્વાન આપ્યું. પાંચ મિનિટ સુધી તેણે રાહ જોઈ. કોઈ કાગડો ફરક્યો નહિ.

શેઠ બબડ્યો, "લાગે છે, આજે કાગડાઓની હડતાલ છે."

આ સાંભળીને કાગડાઓ મનોમન હસવા માંડ્યા. તેમને શેઠનો દયામણો ચહેરો જોઈને સંતોષ મળી રહ્યો હતો.

આમ ને આમ, શ્રાદ્ધનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો. છેલ્લા પંદર દિવસમાં કોઈના પણ છાપરે નંખાયેલા વાસને કાગડાઓ અડ્યા જ ન હતા. ફળિયાવાસીઓને આશ્ચર્ય થઈ રહ્યું હતું. સ્વર્ગસ્થ વડીલો નારાજ હતા તેમ સહુ માની રહ્યા હતા.

છેલ્લે છેલ્લે પાંચ વર્ષનો એક છોકરો વાસ નાખવા છાપરા ઉપર આવ્યો. વાસની પરારાળી પાથરીને તેણે આંખો બંધ કરી કહ્યું, "દાદાજી, આ વાસ ખાવા આવો. મેં તો તમને બરાબર જોયા પણ નથી. તમે કાગડાના રૂપમાં આવશો તેમ બા–બાપુજી કહે છે. તો તમે જરૂર આવો. હું તમને જોઈશ અને માર હૃદયને શાંતિ મળશે."

પણ છોકરાની કાકલૂદી કાગડાઓએ ન સાંભળી, એક પણ કાગડો ન આવવાથી નિર્દોષ છોકરો રડવા માંડ્યો. તેનો ચહેરો દયામણો લાગી રહ્યો હતો.

બળકટ કાગડાને દયા આવી. તે ત્વરાથી ઊડીને વાસ પાસે આવ્યો. ભોજન તેણે ચાખ્યું અને ઘડીકભર છોકરા સામે ઊભો રહ્યો. છોકરો દાદાજીને કાગડાના રૂપમાં જોઈને હરખાઈ રહ્યો હતો. થોડુંક ભોજન આરોગી કાગડો ઊડી ગયો. બળકટ કાગડાએ પોતાના અન્ય સાથીઓને કહ્યું : "છોકરાની નિર્દોષતા મને સ્પર્શી ગઈ. તેથી જ મેં બહિષ્કારની વાત વીસરી જઈ વાસ ખાધો."

બાકીના કાગડાઓ એકી સ્વરમાં બોલ્યા, "તેં સારૂં કર્યું, આપણે માણસજાત જેવા નિષ્ઠુર નથી."

બળકટ કાગડો ખુશ હતો.

**('મારે ભણવું છે' – નવેમ્બર)**

## નૌકાદળમાં જવુ છે તો




થોડાં દિવસો પહેલા છાપામાં નૌકાદળની પરેડ અંગે આવેલા સમાચાર વાંચી મને લશ્કરના નૌકાદળમાં જોડાવાનું મન થયું એટલે મેં અમારી હાઈસ્કૂલમાં ચાલતા એન.સી.સી.ના વર્ગ ચલાવનાર અધિકારીનો સંપર્ક કર્યો.

તે અધિકારી પાસેથી મને જાણવા મળ્યું કે લશ્કરની ત્રણ પાંખમાં હજારો અધિકારીઓ દેશ સેવા કરતાં નોકરી કરે છે. અને તેમની વાતો સાંભળીને મેં મનોમન નક્કી કર્યું કે હું નૌકાદળમાં જ જઈશ !

નૌકાદળમાં જવા માટે મારે ઓછામાં ઓછું ધો. ૧૦ ભણવું પડે અને તે પછી નૌકાદળની પરીક્ષા પાસ કરીને હું નાવિક તરીકે જોડાવ તો અધિકારી બનવા ઘણા વરસો જતાં રહે. જોકે હું ભણવામાં હોશિયાર છું એટલે ધો.૧૨ વિજ્ઞાનની પરીક્ષા પાસ કરીને સીધા અધિકારી તરીકે જોડાવા માટે મહેનત કરીશ.

તે માટે જો મારે ધો.૧૨ વિજ્ઞાનમાં ૭૦% થી વધુ ગુણ આવશે તો મને નૌકાદળની લેખિત પરીક્ષા આપવામાંથી મુકિ મળી જાય ! અને તેથી ઓછા ગુણ આવે તો નેશનલ ડિફેન્સ એકેડેમી (એન.ડી.એ.)ની પરીક્ષા આપવાની થશે.


આ પરીક્ષા હું પાસ કરીશ જ અને તે પછી મારે પૂના પાસે ભણવા જવાનું થશે. તમે જોજો, પાંચ–સાત વરસ પછી નૌકાદળનો કપ્તાન બનીને દુશ્મનોના જહાજોનો ખૂરદો બોલાવી દઈશ !

મારી બેનને પણ લશ્કરમાં જોડાવું છે. તેને નૌકાદળ ગમતું નથી, પણ તે તો આકાશમાં ઊડતાં ઊડતાં દેશસેવા કરવા માગે છે. તેની વાતો આપણે ફરી કયારેક સાંભળીશું ને !

## આ મારું ચિત્ર છે



શિયાળ દિપક ડી.
( ધોરણ–૭, આદર્શ નિવાસી શાળા)



વઘાસીયા ક્રિશ
(શ્રી સરસ્વતી વિદ્યામંદિર અમરેલી)



રાઠોડ મોહિત વિરલભાઈ
(શાળા : શ્રી સણોસરા પ્રા.શાળા)



દામાણી હોનારી ચંદુભાઈ
( દિપક હાઈસકુલ )

# સુપ્રસિધ્ધ ભીમનાથ મહાદેવનાં દર્શન, પૂજા, અર્ચન કરતાં રાજયમંત્રી કૌશિક વેકરિયા






ગુજરાત સરકારના મંત્રી કૌશિક વેકરીયાએ નાના માચીયાળા ખાતે આવેલ પ્રસિદ્ધ ભીમનાથ મહાદેવ મંદિરે દર્શન કરવા પહોંચ્યા હતા. પ્રાચીન અને આસ્થાનું કેન્દ્ર ગણાતા ભીમનાથ મહાદેવના દર્શન કરીને આત્મિક શાંતિ અને ધન્યતાનો અનુભવ વ્યકત કર્યો હતો. મંદિર પરિસરમાં પહોંચતા જ તેમણે શિવલિંગ પર જળાભિષેક કરી પૂજા–અર્ચના કરી હતી અને રાજય તથા દેશની સમૃદ્ધિ, સુખ–શાંતિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી હતી. આ અવસરે મંદિરના પૂજારીગણ તથા સ્થાનિક આગેવાનો દ્વારા તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે ભીમનાથ મહાદેવ મંદિર માત્ર ધાર્મિક નહીં પરંતુ સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ધરાવે છે. આવા પવિત્ર સ્થળોની જાળવણી અને વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે યાત્રાળુઓ માટે સુવિધાઓ વધારવા તેમજ મંદિર પરિસરના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. દર્શન દરમિયાન સ્થાનિક લોકો અને ભકતોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક ભકતોએ મંત્રી સાથે મુલાકાત કરી પોતાની લાગણીઓ વ્યકત કરી હતી. કાર્યક્રમ અંતે મંત્રીએ મંદિર ટ્રસ્ટના કાર્યની પ્રશંસા કરી અને આવનારા સમયમાં વધુ સુવિધાઓ માટે સહયોગ આપવાનો વિસ વ્યકત કર્યો હતો.

## મોટા દેવળીયા નજીક જુગાર રમતા 3 પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાનાં ત્રંબોડા ગામે રહેતા યુવરાજ વિરકુભાઈ જેબલીયા, બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતા વિશ્વજીત ઉર્ફે વિશુ હસુભાઈ વાળા, ચોટીલા તાલુકાના પીપરીયા ગામે રહેતા કૃષ્ણભાઈ ઉર્ફે કિશોર ગભરૂભાઈ ધાધલ તથા બાબરા તાલુકાના ફુલઝર ગામે રહેતા વિપુલ ઉર્ફે ગની નામના ચારેય ઈસમો ગત તા. ૧નાં મોડી રાત્રે મોટા દેવળીયા ગામે વાડીના પડમાં જાહેરમાં લેમ્પના અજવાળે તીનપતીનો જુગાર રમતા ફહોય. આ અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૯,૩૦૦નાં મુદામાલ સાથે રેઈડ દરમિયાન ૩ પકડાઈ જઈ તથા એક આરોપી નાસી જતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **પૂ. મોરીરબાપુનાં વયાસાસાને રામકથા**

લોકગાયક અભેસિંહ રાઠોડએ મહુવા–તલગાજરડા સ્થિત ચિત્રકૂટધામ ખાતે પૂ. મોરારિબાપુ સાથે લાગણીસભર મુલાકાત કરી હતી. માનસ મેઘાણી કથા બદલ પૂ. મોરારિબાપુનો હૃદયથી આભાર માન્યો હતો. કથાના મનોરથી અમેરિકા સ્થિત હર્ષાબા ગોહિલ છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત ચોટીલા (જન્મભૂમિ) તથા ધંધુકા (શૌર્યભૂમિ) ખાતે ઐતિહાસિક મેઘાણી સ્મૃતિ સ્થળોમાં પાવન પગલાં પાડવા પૂ. મોરારિબાપુને પિનાકી મેઘાણીએ ભાવભરી વિનંતી કરી છે. ગત વર્ષે રાજકોટ–સદર સ્થિત ઐતિહાસિક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮ની મુલાકાતે પૂ. મોરારિબાપુ પધાર્યા હતા જે ખાસ ઉલ્લેખનીય છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૧૨ | ૧૫૩૪ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૩૦૧ |
| ૩ | બાજરો | ૨૫૧ | ૪૦૦ |
| ૪ | મેથી | ૮૫૧ | ૮૫૧ |
| ૫ | જીરૂ | ૩૯૫૫ | ૩૯૫૫ |


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૦ | ૧૩૬૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૧૦ | ૧૩૧૫ |
| ૩ | શિંગ મોટી | ૯૦૫ | ૧૪૨૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૧૫ |
| ૬ | તલ કાળા | ૨૫૪૦ | ૪૫૫૦ |
| ૭ | કપાસ | ૮૭૦ | ૧૬૦૫ |
| ૮ | એરંડા | ૧૦૮૦ | ૧૩૧૦ |
| ૯ | જીરૂ | ૩૮૮૦ | ૪૧૫૦ |
| ૧૦ | ધાણા | ૧૬૧૫ | ૨૧૦૦ |
| ૧૧ | સોયાબીન | ૮૧૫ | ૯૨૦ |
| ૧૨ | મરચા લાંબા | ૧૩૦૦ | ૪૮૬૦ |

રમતગમતમાં અમરેલીનું ગૌરવ વધાર્યું

## અમરેલી : સાસંદ ખેલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ જ્ઞાન શકિતનો ડંકો, પ્રથમ સ્થાન પર ઝળહળ્યું

### સાસંદ ખેલ સ્પર્ધામાં કેમ્પસ જ્ઞાન શકિત પ્રથમ

અમરેલી, તા. ૨

અમરેલી તારીખ : ૧૯ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ જિલ્લા લેવલે અને તાલુકા લેવલે રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે થયું હતું, જેમાં તાલુકા કક્ષાએ ૭ ટીમોએ ભાગ લીધેલ હતો અને જિલ્લા કક્ષાએ ૧૦ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ જ્ઞાન શકિત સ્કૂલ ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સુવર્ણ પદક મેળવેલ જેમાં ૧) હડિયા હેતસ્વી, ૨) ઉમરેટીયા રાજવી, ૩) ઉમરેટીયા માધવી, ૪) ગોરસિયા ધર્મી, ૫) સોજીત્રા નાર્મી, ૬) વિજુડા આસ્થા, ૭) લુણાગરિયા કેનિશા, ૮) ગોંડલીયા વિશ્વા, ૯) સાવલિયા સાત્વી ૧૦) હરીપરા વૃંદા, ૧૧) બાવળિયા ક્રિષ્ના, ૧૨) નકુમ તૃપ્તિ રસ્સાખેંચ ટીમે સુવર્ણ પદક પ્રાપ્ત કરી સિધ્ધી હાંસલ કરેલ છે. શાળા પરિવાર અને તેમજ અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પુરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ રસ્સાખેંચ ખેલાડી ટીમ તેમજ કોચ કુનતિયા બિપીનભાઈને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૨૫ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૬૫૦ |
| ૫ | જીરૂ | – | ૩૯૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૬૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૬ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૧૦ |
| ૧૦ | જુવાર | – | ૬૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| ૧૭ | રજકા બી | – | ૭૯૫૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૯૦ | ૧૬૦૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૫૦ | ૧૨૯૦ |
| ૩ | મગફળી | ૧૦૮૯ | ૧૪૦૧ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૧૯૬૦ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૪૪૦૦ |
| ૬ | જીરૂ | ૩૧૧૫ | ૪૧૪૫ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૪૦ | ૧૦૭૦ |
| ૯ | અડદ | ૮૩૫ | ૧૧૯૫ |
| ૧૦ | સોયાબીન | ૭૮૫ | ૮૬૫ |
| ૧૧ | તુવેર | ૮૮૫ | ૧૨૭૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૬૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૧૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૭ |
| ૪ | અડદ | ૯૯૦ | ૯૯૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૧૧ |
| ૬ | ધાણા | ૧૬૨૦ | ૧૬૯૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૯૪૧ |
| ૯ | મગફળી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | ચણા સફેદ | ૯૦૦ | ૯૭૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૨૫૦ | ૧૪૮૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૩ | લસણ | ૧૨૦૦ | ૧૩૦૦ |

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કોલેજે ગૌરવ વધાર્યું

## માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનુ ટીવાયબીએ (સેમ ૦૫)ની પરીક્ષામાં ૯૪.૦૬ ટકા પરિણામ

### મિતાર્થી જોષી, કોમલ આગોતરીયા, સુનેરા પઠાણ, દ્રષ્ટિ ખુમાણ અને મુનેરાબાનું ગોરી અગ્રેસર



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલીત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું એપ્રિલ ૨૦૨૫માં લેવાયેલ ટી.વાય.બી.એ. (સેમ – ૦૫)માં ૯૪.૦૬ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીની મીતાર્થી જોષી, કોમલ આગોતરીયા, સુનેરા પઠાણ, દ્રષ્ટિ ખુમાણ અને મુનેરાબાનુ ગોરી અગ્રેસર રહ્યા છે.

ઉપરોકત ઉજજવળ પરિણામ હાંસલ કરવા પાછળ કોલેજના તમામ અધ્યાપકોએ દેખરેખ તથા મહેનત કરેલ આવા ગૌરવશાળી પરિણામ બદલ સંસ્થાના સર્વ સ્ટાફ મિત્રો, વિદ્યાસભાના પદાધિકારીઓ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ**

ઝડપી પાડવા માટે પોલીસે રાતભર ચેકિંગ ચાલુ રાખ્યું હતું. ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે પર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આ સમગ્ર ઓપરેશનનું મોનિટરિંગ એએસપી કક્ષાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. એએસપી જયવીર ગઢવી સહિતના ઉચ્ચ અધિકારીઓ પોતે હાઈવે પર ઉતરીને ચેકિંગમાં જોડાયા હતા. અલગ–અલગ ટીમો બનાવીને વાહન ચાલકોનું એચ એનાલાઈઝર દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના રાજુલા, ખાંભા, ટીમ્બી અને સાવરકુંડલા સહિતના પોલીસ મથકોમાં અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ પરી હતી.

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૪૧ | ૧૩૧૭ |
| ૨ | તલ સફેદ | ૧૬૫૦ | ૧૭૦૧ |
| ૩ | તલ પીળા | ૨૧૨૫ | ૨૧૨૫ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૬ |
| ૫ | બાજરો | ૩૬૮ | ૫૭૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૬૨૫ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૦૮૦ |
| ૮ | મગ | ૮૦૨ | ૩૩૦૧ |
| ૯ | મઠ | ૧૧૦૧ | ૧૧૭૬ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૧૪૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૧ | ૧૨૬૫ |
| ૧૨ | ધાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૩ | મેથી | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ૧૪ | સોયાબીન | ૬૭૬ | ૮૭૫ |

# અમરેલી : કેરીયા રોડ સ્વામીનારાયણ મંદિરે દિવ્ય શાકોત્સવમાં રાજયમંત્રી કૌશિક વેકરિયાની ઉપસ્થિતિ






અમરેલીનાં કેરીયારોડ ખાતે આવેલ મહિલા સંચાલિત સ્વામીનારાયણ મંદિરમાં આયોજિત દિવ્ય શાકોત્સવ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી કૌશિક વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન પ્રસંગે મંત્રીએ ભગવાન સ્વામીનારાયણના દિવ્ય દર્શન કરી આત્મિક શાંતિ અને ધન્યતાનો અનુભવ વ્યકત કર્યો હતો. દિવ્ય શાકોત્સવ અંતર્ગત વિવિધ પ્રકારની સાત્વિક શાકભાજી અને પ્રસાદની ભાવપૂર્ણ અર્પણા ભગવાન સ્વામીનારાયણને કરવામાં આવી હતી. સમગ્ર મંદિર પરિસર ભકિત, સંસ્કાર અને આધ્યાત્મિક ઊર્જાથી ગુંજતું જોવા મળ્યું. મહિલા સંચાલિત આ મંદિર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સેવા, શિસ્ત અને સમર્પણનો ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યો હતો. મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે આવા આધ્યાત્મિક કાર્યક્રમો સમાજમાં સંસ્કાર, એકતા અને સકારાત્મક વિચારધારાનો પ્રસાર કરે છે. મહિલાઓ દ્વારા સંચાલિત મંદિર અને તેમની સેવાભાવના સમાજ માટે પ્રેરણારૂપ છે. તેમણે આયોજકોની પ્રશંસા કરી અને ભવિષ્યમાં પણ આવા ધાર્મિક–સાંસ્કૃતિક કાર્યક્રમો સતત યોજાતા રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી. કાર્યક્રમ દરમિયાન ભકતોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાભાવ જોવા મળ્યો હતો. સમગ્ર માહોલ મનને શાંતિ અને પ્રેરણા આપે એવો રહ્યો હતો.

### જિલ્લાનાં ખેલાડીઓને હાજર રહેવા અનુરોધ

# અમરેલી ખાતે આવતીકાલ રવિવારે ઓપન એજ ગ્રુપની પસંદગી કરાશે

### ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજન

અમરેલી, તા. ૨

અમરેલી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનનાં પ્રમુખની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ઓપન એજ ગ્રુપનું તારીખ ૦૪/૦૧/૨૦૨૬ રવિવારનાં સવારે ૪:૩૦ કલાકે ગ્રાઉન્ડ ઉપર સવારે સિલેકશન રાખેલ છે. અમરેલી જિલ્લાના રસ ધરાવતા ખેલાડીઓએ હાજર રહેવું. આ સિલેકશન સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા નિયુકત કરાયેલા EX રણજી ટ્રોફી ખેલાડીઓ દ્વારા કરવામાં આવશે. તો તમામ રસ ધરાવતા ખેલાડીઓએ ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે સાથે જઈને આવવાના રહેશે અને ૧ સેટ ઝેરોક્ષનાં જમાં કરવાનો રહશે. જે ડોકયુમેન્ટ સાથે નહીં લાવે તો સીલેકશન પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં.

સફેદ ડ્રેસ પહેરવો ફરજિયાત છે તથા પોતાની કીટ બેગ સાથે લાવવી અને દરેક ડોકયુમેન્ટસ લાવવા ફરજિયાત છે. ડોકયુમેન્ટસ વગર સિલેકરનમાં ભાગ લઈ શકાશે નહીં.

### ખેડૂતોએ વેચાણ કર્યાનો એક મહિનો ઉપરાંત સમય પસાર

# લ્યો બોલો : અમરેલીમાં ટેકાના ભાવે સોયાબીનનું વેચાણ કરનાર ખેડૂતોને રકમ ચુકવાતી નથી

### ફાટફાટ થતી ઈકોનોમી વચ્ચે ખેડૂતો નાણા વગર પરેશાન

અમરેલી, તા. ૨

અમરેલી ખાતે સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરાયા બાદ ખેડૂતોને એક મહિના કરતા વધારેહ સમય પસાર થયો છતાં બાકી નાણાની રકમ ચુકવાતી ન હોય ખેડૂતોનાં આર્થિક વ્યવહારો અટકી પડયા છે.

અમરેલી ખાતે કૃષિ અને ગામ વિકાસ રાજય કો–ઓપરેટીવ સોસાયટી દ્વારા ૨૮ નવેમ્બરનાં રોજ ખેડૂતો પાસેથી સોયાબીનની ટેકાન ભાવે ખરીદી કરવામાં આવ્યા બાદ હજુ સુધી નાણા ચુકવાયા ન હોય ખેડૂતોનાં આર્થિક વ્યવહારો અટવાયા હોય જવાબદાર વિભાગ યોગ્ય કરે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

# અમરેલીમાં સહકારી ક્ષેત્રનાં દિગ્ગજ નેતા દ્વારકાદાસ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયુ



અમરેલી, તા. ૨

અમરેલી ખાતે સહકારી ક્ષેત્રના દિગ્ગજ અને પ્રેરણાસ્ત્રોત નેતા દ્વારકાદાસ મોહનલાલ પટેલની પ્રતિમાનું રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાનાં વરદહસ્તે ભવ્ય રીતે અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ ગૌરવ અને સન્માનની ભાવનાથી ભરાઈ ગયું હતું.

કાર્યક્રમ દરમિયાન રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, દ્વારકાદાસ મોહનલાલ પટેલે સહકારી ક્ષેત્રમાં આપેલું યોગદાન અવિસ્મરણીય છે. તેમના માર્ગદર્શન અને વિચારધારાથી અનેક સંસ્થાઓ મજબૂત બની અને હજારો લોકોના જીવનમાં સુધાર આવ્યો. તેમની પ્રતિમા આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે.

આ અનાવરણ સમારોહમાં અમરેલી જિલ્લાના સહકારી ક્ષેત્રના આગેવાનો, રાજકીય પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દ્વારકાદાસ પટેલના કાર્ય અને જીવન પ્રવાસને સ્મરીને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

પ્રતિમાનું અનાવરણ માત્ર એક કાર્યક્રમ નહી પરંતુ સહકારી ચેતનાને જીવંત રાખવાનો સંકલ્પ બની રહ્યો હતો. ઉપસ્થિત લોકોએ આશા વ્યકત કરી કે દ્વારકાદાસ પટેલના આદર્શો પર ચાલીને સહકારી ક્ષેત્ર વધુ મજબૂત બનશે અને સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### જિલ્લામાં તા. ૩ અને ૪ જાન્યુઆરી

# તમામ બુથ ખાતે બી.એલ.ઓ. વાંધા હકક દાવા અરજીઓ સ્વીકારશે

અમરેલી, તા. ૨

ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીની વખતો વખતની સૂચના અનુસાર તા. ૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા–૨૦૨૬ની કાર્યવાહી તા. ૨૮/૧૦/૨૦૨૫ થી શરૂ થઈ તા. ૧૭/૨/૨૦૨૬ સુધી ચાલુ રહેનાર છે.

આગામી તા. ૩/૧/૨૦૨૬ (શનિવાર) તથા તા. ૪/૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ તમામ બુથ લેવલ અધિકારીઓ મતદાન મથકો ખાતે હાજર રહી મતદારો દ્વારા રજૂ થતા વાંધા–હકક દાવા અરજીઓ સ્વીકારશે. જે મતદારોનું નામ દાખલ કરવા માટે ફોર્મ–૬, નામ કમી કરવા ફોર્મ–૭ તથા અન્ય સુધારા માટે ફોર્મ–૮ મતદારો તેમના મતદાન મથકો ખાતે ભરી શકશે. આથી જિલ્લામાં કોઈ લાયક મતદાર મતદાનનાં અધિકારથી વંચિત ના રહે તે માટે મતદારયાદીમાં પોતાનું નામ અવશ્ય નોંધાવી લોકશાહીમાં પોતાનું પ્રદાન કરવા અનુરોધ છે.

તા. ૪/૧/૨૦૨૬ (રવિવાર)ના રોજ જીપીએસસીની પરીક્ષા હોવાના કારણે ખાસ કેમ્પના દિવસે અમરેલી શહેરના આ મુજબના મતદાન મથકોમાં બુથ લેવલ અધિકારીઓ તેની સામે જણાવેલ કામચલાઉ સ્થળે બેસવાની વ્યવસ્થા કરેલ છે.

(૧) મતદાન મથક નં. ૨૨૧–મતદાન મથક સ્થળ –અમરેલી–૬૩ (૨) મતદાન મથક નં. ૨૩૮–મતદાન મથક સ્થળ –અમરેલી–૮૦ (૩) મતદાન મથક નં. ૨૩૯–મતદાન મથક સ્થળ –અમરેલી–૮૧ (૪) મતદાન મથક નં. ૨૪૩–મતદાન મથક સ્થળ– અમરેલી–૮૪ જે મતદાન મથક મકાન વિગત મુજબ એસ.એસ. અજમેરા ગર્લ્સ સ્કૂલ ખાતે કાર્યરત હતું તે હવે તા. ૪/૧/૨૦૨૬ને રવિવારના રોજ કામચલાઉ બેસવાની વ્યવસ્થા મુજબ લીલીવંતીબેન ભીમજીભાઈ પ્રાથમિક શાળા, સિવિલ હોસ્પિટલની સામે અમરેલી ખાતે બેસશે જેની નોંધ ઉપરોકત મતદાન મથક અંતર્ગત આવતા તમામ મતદારોએ લેવાની રહેશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી : સ્વ. ભાવેશભાઈ વસાણીને શ્રધ્ધાજંલી પાઠવતાં આગેવાનો



અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લાના ઉધોગપતિ તથા માર્કેટ યાર્ડ ખાતે પેઢી ધરાવતા છોટાલાલ પોપટલાલ વસાણી પરિવારના મોભી તથા અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી તથા ઉપપ્રમુખ તથા દ્વારકાધીશ હવેલી અમરેલીના ટ્રસ્ટી તરીકે સેવા આપતા ભાવેશભાઈ છોટાલાલ વસાણીનું (ઉ.વ.૫૯) નું દુઃખદ અવસાન થતા તેમની અચાનક વિદાયથી લોહાણા સમાજ, વૈષ્ણવ સમાજ તથા વેપારી સમાજ તથા વસાણી પરિવારને ઘણી મોટી ખોટ પડી છે.

સદગતની યોજાયેલ પ્રાર્થનાસભામાં વિવિધ સંસ્થાઓ તરફથી જ્ઞાતિ સમાજ જાહેર સંસ્થાઓ તથા લોહાણા સમાજ તથા અન્ય સમાજના વેપારી બધુંઓ ઉપસ્થિત રહયા હતાં. જયારે દ્વારકાધીશ હવેલી અમરેલીના દ્વારકેશ લાલજી મહારાજ તથા પુરૂષોત્તમ લાલજી મહારાજ દ્વારા પણ ટેલીફોનથી આશ્વાસન આશીર્વાદ મળેલ હતાં.

આ ઉપરાંત અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, એ.પી.એમ.સી.ના પૂર્વ ચેરમેન પી.પી. સાજીત્રા, અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ ભરતભાઈ કાનાબાર, પ્રફુલભાઈ બાટવીયા તથા હરીરામબાપા ટ્રસ્ટના એ.ડી. રૂપારેલ, જીતુભાઈ ગોળવાળા સહિતનાં આગેવાનોએ વસાણી પરિવારના દુઃખમાં સહભાગી થઈ સાંત્વના પાઠવેલ હતી. જયારે સાવરકુંડલા લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સભ્યો રાજુભાઈ શીંગાળા, ટ્રસ્ટી ઉપપ્રમુખ, હીતેશભાઈ સરૈયા, પ્રકાશભાઈ વડેરા મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલાના કિર્તીભાઈ રૂપારેલ, અંતુભાઈ ગઢીયા, સાવરકુંડલા લોહાણા વિદ્યાર્થી ભવનના અષ્ટકાતભાઈ સુચક વિગેરેએ સાંત્વન આપવા પધારેલા. જે અમરેલી લોહાણા મહાજન ટ્રસ્ટના ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા તથા અતુલભાઈ વસાણી ગોવર્ધનનાથજી હવેલીના ટ્રસ્ટીએ જણાવેલ છે.

# ચલાલામાં પ્રખ્યાત તબલા વાદકની પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ રૂપે સેવાયજ્ઞ





ચલાલા, તા. ૨

સ્વ. ગીરીશભાઈ જાનીને શ્રધ્ધાંજલિ રૂપે એક નાનએવો સેવાયજ્ઞ યોજવામાં આવ્યો હતો એ યજ્ઞમાં ભૂખ્યાને ભોજન તથા શિયાળ ાની કડકડતી ઠંડીમાં ગરીબ પરિવારના નાના નાના બાળકોને ગરમ કપડા વિતરણ તથા સરકારી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગરમા ગરમ અલ્પાહાર અને વૃધ્ધ અશકત નિરાધાર વડીલોને ધાબળા વિતરણ કરવા સાથે રાત્રીના હનુમાન ચાલીસા પાઠ, ધુન, કિર્તન સાથે ૩૧ ડીસેમ્બરનો આખો દિવસ સેવાયજ્ઞ અન. ભકિતરસ સાથે શ્રી મોગલમા માનવ સેવા ગૃપના સભ્યો અને શિવાસાંઈ ગૃપનાં સભ્યો સાથે ખરા અર્થમાં એક આદર્શ ભાઈને દિલથી શ્રધ્ધાંજલિ આપી હતી. આ સેવા યજ્ઞમાં હાજર રહી સહકાર આપનાર તમામ ભકતજનો, વડીલો–સ્નેહીજનોનો દિલથી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

સ્વ. ગીરીશભાઈ જાનીએ પૂજનય મુળીમાની જગ્યામાં લગભગ ૨૫ વર્ષ સુધી તબલામાં સંગાથ આપેલ અને એ પણ નિ:સ્વાર્થ ભાવથી તથા ચલાલાનાં ખૂબ વિખ્યાત તિલક ચોક ગરબી મંડળ તથા ગાયત્રી ગરબી મંડળ માં પણ તબલાની સંગાથે લોકોના દિલ જીતી લીધા હતા. સંગીતને પોતાનું જીવન બનાવી અચાનક વિદાય લીધી ત્યારે ચલાલાની તમામ જ્ઞાતિના લોકોએ દુઃખની લાગણીઓ અનુભવી હતી.

થોડુ જીવ્યા પણ ખૂબ મોટો ચાહક વર્ગ હતો એ તો એના ગયા પછી ખબર પડી કે ભલે પૈસા નહોતા પણ દુઃખને દેખાવા ન દીધું. આવા પવિત્ર આત્માને વંદન આ સેવાયજ્ઞમાં હાજર રહી સહકાર આપનાર ધર્મેશભાઈ જાની, દિપ મહેતા, ઝાકીરભાઈ હથીયારી, વિજય મહેતા, વ્રજ કાકડીયા તેમજ લોક સાહિત્યકાર ભીખુભાઈ માળવીયા, સુરામહારાજ નિમાવત, ભાવેશબાપુ નિમાવત, જીતુભાઈ કે. મહેતા તથા પત્રકારો પ્રકાશભાઈ કારીયા, બિપીનભાઈ રાઠોડ, પ્રતાપભાઈ વાળા, જે.ડી. ભાઈ ડોબરીયા ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન જીતુભાઈ એમ. મહેતાએ કરેલ હતું.

આ સેવાયજ્ઞમાં સહભાગી બનનાર તમામ મિત્રો તથા આમંત્રીત મહેમાનો અને સંગીત કલાકારોનો દિલથી આભાર ટ્રસ્ટનાં પ્રમુખ રાજુભાઈ જાનીએ વ્યકત કરેલ હતો અને તમામ હાજર સંગીત કલાકારોનું સન્માન કીટ, બેગ આપી કરવામાં આવેલ હતું. રાજેશ કે. જાની તથા જાની પરિવારએ સહુનો આભાર વ્યકત કર્યો હતો.


## ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજ ટ્રસ્ટ અમરેલી

''ભારતી બા વાડી'' લીલીયા રોડ, દાદા ભગવાન મંદિર પાસે, મુ.અમરેલી.

**MO. 99133 07575** ટ્રસ્ટ રજી. નં. **A 1368**

### : એજન્ડા :

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજ ટ્રસ્ટ – અમરેલીનાં નોંધાયેલા તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે, ટ્રસ્ટની **સામાન્ય સભા તા. ૧૧/૦૧/૨૦૨૬ ને રવિવારનાં રોજ બપોરના ૩:૦૦ કલાકે સ્થળ : ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રહ્મ સમાજ સંચાલિત ''ભારતી બા વાડી'' લીલીયા રોડ, દાદા ભગવાનનાં મંદિર પાસે,** અમરેલી મુકામે નીચે કાર્યસુચિમાં દર્શાવેલ કામ માટે મળશે. આ સામાન્ય સભામાં નોંધાયેલ સભ્યોએ સમયસર અવશ્ય હાજરી આપવા નમ્ર વિનંતી.

### –: કાર્યસુચિ :–

(૧) આજની સામાન્ય સભાનાં પ્રમુખશ્રીની નિમણુંક કરવા બાબત (૨) તા. ૧/૦૪/૨૦૨૪ થી તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધીનાં વાર્ષિક હિસાબો વંચાણે લઈ મંજુર કરવા બાબત (૩) ટ્રસ્ટીઓની મુદત પુરી થયેલ હોય નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરવા બાબત (૪) પાછલા વર્ષ દરમ્યાન થયેલ કામગીરી વંચાણે લઈ બહાલી આપવા બાબત (૫) ટ્રસ્ટનાં કાર્યાલયનું સરનામું બદલવા બાબત (૬) નોંધાયેલ તમામ સભ્યોનાં ઓળખપત્ર બનાવવા બાબત (૭) બંધારણને આધીન રહીને સભાના પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે

**ખાસ નોંધ :** આ સામાન્ય સભામાં ટ્રસ્ટનાં નોંધાયેલ સભ્ય સિવાય અન્ય કોઈપણ વ્યકિતએ હાજરી આપવી નહી. નોંધાયેલ તમામ સભ્યએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ અને પાસપોર્ટ સાઈઝનો ૧ (એક) ફોટો સાથે લાવવો.

કોરમનાં અભાવે સભાનું કામ અડધો કલાક મુલત્વી રાખી ત્યારબાદ એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવશે અને તે કાયદેસર ગણાશે.

**પૂર્વ ટ્રસ્ટી અને હિતાધિકારી :**
**શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવડી બ્રહ્મ સમાજ – અમરેલી**


### વિદ્યાર્થીનીઓમાં છુપાયેલી પ્રતિભાને પ્રોત્સાહન માટે આપવા

# અમરેલી ખાતે સી.વી.ફાર્મસી મહિલા કોલેજ ખાતે ટ્રેડિશનલ અને મોર્ડન સભા યોજાઇ

### વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર સ્પર્ધામાં જોડાઈ



અમરેલી, તા.૨

અમરેલીમાં સી.વી. ગજેરા ફાર્મસી, લેઉવા પટેલ ટ્રસ્ટ M.SC અને એમ.એલ.કાકડીયા MCA મહિલા કોલેજ ખાતે ૩૧ની ટ્રેડિશનલ અને મોર્ડન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીનીઓમાં છુપાયેલી પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો તથા તેમની પ્રતિભાને ઉજાગર કરવાનો હતો.

### ''સુર્ય નમસ્કાર સંકલ્પ કાર્યક્રમ'' અંતર્ગત

# રાજુલા ખાતે નવા વર્ષનાં પ્રથમ દિવસે નાગરિકોએ સુર્ય નમસ્કાર કર્યા

### યુવાનો, મહિલાઓ અને વડિલો પણ જોડાયા



અમરેલી, તા. ૨

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત ''સૂર્ય નમસ્કાર સંકલ્પ કાર્યક્રમ'' અંતર્ગત સમગ્ર ગુજરાત રાજયમાં એક સાથે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જનસામાન્યમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો તથા સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો રહ્યો હતો. વર્ષના પ્રથમ દિવસે પશ્ચિમી સંસ્કૃતિ મુજબ પાર્ટી અને મોજશોખ કરવાની પરંપરાને બદલે આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિને જાળવી રાખતાં વહેલી સવારે ઉઠી સૂર્ય નારાયણની ઉપાસના સાથે સૂર્ય નમસ્કાર કરી ૨૦૨૬ના નવા વર્ષની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ રાજયવ્યાપી કાર્યક્રમમાં રાજુલા શહેર તથા તાલુકાના નાગરિકોએ પણ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો. વહેલી સવારથી રાજુલા શહેરમાં ચાલતા યોગ વર્ગ ખાતે લોકો એકત્રિત થયા હતા અને શિસ્તબદ્ધ રીતે સૂર્ય નમસ્કાર કરીને યોગના મહત્વને ઉજાગર કર્યું હતું. કાર્યક્રમમાં યુવાઓ, વડીલો, મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓની વિશાળ હાજરીએ કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો.

આ પ્રસંગે યોગ સેવક શીશપાલજી દ્વારા આપવામાં આવેલ યુટ્યુબ લાઈવ પણ સહભાગીઓએ નિહાળ્યું હતું, જેમાં યોગના શારીરિક, માનસિક અને આત્મિક લાભોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે સાથે નિયમિત યોગાભ્યાસ દ્વારા સ્વસ્થ ગુજરાતની રચનાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

રાજુલા વાસીઓની સક્રિય ભાગીદારીને કારણે કાર્યક્રમ સફળ રહ્યો અને સમગ્ર વિસ્તારમાં યોગ પ્રત્યે સકારાત્મક માહોલ સર્જાયો હતો, તેમ રાજુલા તાલુકા યોગ કોચ ભૂમિ મજૂકોડિયા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## સમરી દાવાનો જાહેર સમન્સ

### બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ, ભાવનગર

**સરનામું : રૂમ નં.–એસ/૮, બીજા માળે, બહુમાળીભવન, ભાવનગર**
**(ગુજરાત કો–ઓપ.સોસાયટી એકટની કલમ–૯૯(૪) મુજબ)**

**ડીસ્પ્યુટન્ટ (વાદી) : – અમરેલી નાગરિક સહકારી બેંક લી., અમરેલી.**

### :: વિરૂધ્ધ ::

સામાવાળા (પ્રતિવાદી) :– નીચે મુજબની વિગતે....

| ક્રમ | સમરી દાવા નંબર | પ્રતિવાદી નંબર | પ્રતિવાદીનું નામ | કયા દરજજે | દાવાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫૧/૨૦૨૦ | ૧/૧ | દયાબેન દિનેશભાઈ અકબરી | મુળ કરજદાર | ૨,૯૫,૨૮૯/– |
| ૨ | ૧૫૧/૨૦૨૦ | ૧/૨ | ભુમીકાબેન દિનેશભાઈ અકબરી | મુળ કરજદાર | ૨,૯૫,૨૮૯/– |
| ૩ | ૧૫૧/૨૦૨૦ | ૧/૩ | કૃણાલ દિનેશભાઈ અકબરી | મુળ કરજદારે | ૨,૯૫,૨૮૯/– |
| ૪ | ૧૫૧/૨૦૨૦ | ૨ | નિતાબેન નાનાલાલભાઈ વ્યાસ | જામીન દરજજે | ૨,૯૫,૨૮૯/– |
| ૫ | ૭૯/૨૦૨૫ | ૧ | તસ્લીમાબેન સમીરભાઈ પરમાર | મુળ કરજદાર | ૪૫,૦૬૩/– |
| ૬ | ૭૯/૨૦૨૫ | ૨ | સંગીતાબેન સંજયભાઈ રેણુકા | જામીન દરજજે | ૪૫,૦૬૩/– |

ઉપરોકત વાદીએ આ કોર્ટમાં દાવો દાખલ કરતા ઉપર જણાવેલ જે તે દાવાનાં જે તે પ્રતિવાદીને ટપાલથી સમન્સ બજાવવાની કોશીષ કર્યા છતાં સામાવાળાને સમન્સ બજતા નથી કે અન્ય આધાર પોસ્ટ તરફથી મળેલ નથી. આથી આ જાહેર સમન્સથી તેઓને જણાવવામાં આવે છે કે, તમારા ઉપર ડીસ્પ્યુટન્ટે (વાદીએ) ઘી ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટી એકટની કલમ–૯૯(૪) હેઠળ દાવા નંબરની સામે જણાવ્યા મુજબની રકમ વ્યાજ સહીત વસુલ લેવા માટે દાવો માંડયો છે. આ ઉપરથી તમોને ફરમાવવામાં આવે છે કે, સદરહું જાહેર સમન્સ પ્રસિધ્ધ થયાની તારીખથી દસ (૧૦) દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હો તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજો પુરાવા ઉપર તમો આધાર રાખતા હોય તેની નકલ ડીસ્પ્યુટન્ટ (વાદી) ને આપી ઉપરોકત સરનામે હાજર થવું અને બચાવ કરવાની પરવાનગી મેળવવી.

જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ ૧૦ની મુદત વિત્યા બાદ કોઈપણ સમયે ડીસ્પ્યુટન્ટ (વાદી) લેખીત રકમ, વ્યાજ અને ખર્ચ સહીતનો એવોર્ડ મેળવવા હકકદાર થશે. તેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી કરી અને કોર્ટનું સીલ મારી આપેલ છે.

તૈયાર કરનાર
(ડી.ડી.લાધવા)
જુનિયર કલાર્ક

હુકમથી
(ડી.એન. રંગાણી)
કલાર્ક ઓફ ધી કોર્ટ
બોર્ડ ઓફ રજિસ્ટ્રાર્સ નોમીનીઝ
ભાવનગર

તારીખ : ૦૨–૦૧–૨૦૨૬
સ્થળ : ભાવનગર.

